


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue - 45 | AD - 2024, kartak Vad - 03 | Monday, Dt.18-11-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### મણિપુર હિંસાની આગ મંત્રીઓ અને ધારાસભ્યો સુધી પહોંચી

# મણિપુરના મુખ્યમંત્રીના ઘર પર હુમલાનો પ્રયાસ

ઈમ્ફાલ,તા.૧૭

મણિપુરની જીરી નદીમાંથી એક મહિલા અને બે બાળકોના મૃતદેહ મળ્યા બાદ મણિપુરના શાંતિપૂર્ણ જીરીબામ વિસ્તારમાં ફરી એકવાર હિંસા ફાટી નીકળી હતી. આ હિંસા જીરીબામ થઈને રાજધાની ઈમ્ફાલ પહોંચી હતી. હિંસક ટોળાએ સીએમ એન બિરેન સિંહના ખાનગી ઘરને પણ નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો અને આ વિસ્તારમાં મિલકતો અને વાહનોને આગ ચાંપી હતી. વાસ્તવમાં, રાજધાની ઈમ્ફાલ પશ્ચિમમાં જોરદાર વિરોધ શરૂ થયો. આ ટોળાએ રાજકારણીઓના ઘરોને નિશાન બનાવ્યા હતા. સીએમ એન બિરેન સિંહના મંત્રીઓના ઠેકાણાઓને પણ નિશાન બનાવવામાં આવ્યા હતા. જેના કારણે પ્રશાસને અચોક્કસ મુદત માટે કર્ફ્યુ લાદી દીધો છે. ટોળાએ જીરીબામથી ઈમ્ફાલ સુધીના અનેક બીજેપી નેતાઓના ઘરોને નિશાન બનાવ્યા હતા. આટલું જ નહીં સીએમ એન બિરેન સિંહના જમાઈ રાજકુમાર ઈમો સિંહ અને ઈમ્ફાલ સરકારના મંત્રી ખુરાઈના ધારાસભ્ય એલ સુસિદ્રો પર નિશાન સાધવામાં આવ્યું છે. ભાજપના ઉરીપોકના ધારાસભ્ય રઘુપતિ સિંહ, પટસોઈના ધારાસભ્ય એસપી કુંજકેશ્વર, થંગમેઈબંદના ધારાસભ્ય કે જોયકિસન સિંહ અને અપક્ષ ધારાસભ્ય એસપી સામ નિશિકાંતના ઘરોને નિશાન બનાવવામાં આવ્યા છે. આ નેતાઓના ઘરની મિલકતો અને વાહનોને પણ આગ ચાંપી દેવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, શનિવારે રાત્રે ટોળાએ ઈમ્ફાલના હેનગાંગમાં મુખ્યમંત્રી એન બિરેન સિંહના ખાનગી આવાસ પર પણ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે તે સમયે તે ત્યાં હાજર નહોતા. સુરક્ષા દળો દ્વારા ભીડને પાછળ ધકેલી દેવામાં આવી હતી, જેમણે ખાલી ગોળીઓ અને ટીયર ગેસના શેલ છોડ્યા હતા. સળગતા ટાયરો તેમના નિવાસસ્થાન તરફ જતા હાઈવે પર ફેલાઈ ગયા હતા. ઈમ્ફાલના પૂર્વ અને પશ્ચિમ બંને જિલ્લા સહિત સાત જિલ્લાઓમાં બે દિવસ માટે ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં સેન્ટ્રલ મેઈતી વર્ચસ્વવાળી ખીણના તમામ પાંચ જિલ્લાઓનો સમાવેશ



થાય છે. તે જ સમયે, કુકી પ્રભુત્વ ધરાવતા સમુદાયના કાંગપોકપી અને ચુરાચંદપુર જિલ્લામાં પણ ભારે હિંસા જોવા મળી હતી.

ઈમ્ફાલના સગોલબંદમાં આરકે ઈમોના નિવાસસ્થાને, ટોળાએ બહાર તૈનાત સુરક્ષા ટીમ પર કાબૂ મેળવ્યો, ગેટ તોડી નાખ્યો અને ફર્નિચરને આગ ચાંપી દીધી. આગ વધુ પ્રસરે તે પહેલા ફાયર બ્રિગેડની ટીમે કાબુ મેળવી લીધો હતો. અધિકારીઓએ કહ્યું કે જ્યારે ધારાસભ્યના નિવાસસ્થાન પર હુમલો થયો ત્યારે તેઓ હાજર ન હતા. થોડી જ મિનિટોમાં બીજા ટોળાએ સપમ કુંજકેશ્વરના નિવાસસ્થાનમાં પ્રવેશ કર્યો અને મિલકતને નુકસાન પહોંચાડ્યું અને વાહનોને આગ ચાંપી દીધી. એક વિરોધકર્તાએ કહ્યું છે કે રાજકારણીઓ લોકોને સુરક્ષા આપવામાં નિષ્ફળ ગયા છે અને નિર્દોષ નાગરિકોના જીવનની સુરક્ષા કરવામાં નિષ્ફળ ગયા પછી તેઓ પદ પર રહેવાને લાયક નથી. શનિવારે રાત્રે જિરીબામમાં પણ આગ લાગી હતી, જ્યારે ગુસ્સે ભરાયેલા ટોળાએ હમાર સમુદાયના સભ્યોની મિલકતોને આગ લગાડી હતી, જેમાં ઘરો અને ઓછામાં ઓછા એક ચર્ચનો સમાવેશ થાય છે. જીરીબામમાં વંશીય વિભાજનની બંને બાજુએ અનેક મૃત્યુ બાદ રાજધાની અરાજકતામાં ઉતરી ગઈ છે. સોમવારે, પોલીસ સ્ટેશનમાં મેટિસ માટે સ્થાપિત રાહત શિબિરને કથિત રીતે સશસ્ત્ર માણસો દ્વારા નિશાન બનાવવામાં આવી હતી, જેના પગલે સીઆરપીએફએ હમાર સમુદાયના ૧૦ લોકોને ઠાર માર્યા હતા. શનિવારે કેન્દ્રએ પણ દરમિયાનગીરી કરી હતી. એક નિવેદનમાં કેન્દ્રએ કહ્યું કે મણિપુરમાં છેલ્લા કેટલાક દિવસોથી સુરક્ષાની સ્થિતિ નાજુક છે. બંને લડતા સમુદાયોના સશસ્ત્ર બદમાશો હિંસામાં સામેલ છે, જે કમનસીબે જાનહાનિ અને જાહેર વ્યવસ્થાના વિક્ષેપમાં પરિણમે છે. તમામ સુરક્ષા દળોને વ્યવસ્થા અને શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે જરૂરી પગલાં લેવા સૂચના આપવામાં આવી છે. કોઈપણ હિંસક અને વિક્ષેપજનક પ્રવૃત્તિઓમાં સામેલ થવાનો પ્રયાસ કરશે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ઈમ્ફાલ વેસ્ટ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ ટી કિરણ કુમાર દ્વારા જારી કરાયેલા આદેશ મુજબ કર્ફ્યુ લાદવામાં આવ્યો હતો. કાયદો અને વ્યવસ્થાની કથળેલી સ્થિતિને કારણે આ પગલું ભરવામાં આવ્યું છે. અગાઉ ત્રણ લોકોની હત્યાના વિરોધમાં વિરોધને પગલે ઈન્ટરનેટ સેવાઓ પણ બંધ કરવામાં આવી હતી. ૧૫ નવેમ્બરે જારી કરાયેલા આદેશ અનુસાર, સત્તાવાળાઓએ ૧૬ નવેમ્બરના રોજ સવારે ૫ વાગ્યાથી સાંજના ૮ વાગ્યા સુધી કર્ફ્યુમાં રાહત આપી હતી. જો કે, ઈમ્ફાલમાં મેઈતેઈ સમુદાયના ધારાસભ્યોના ઘરો પર અનેક હિંસક હુમલાઓ નોંધાયા બાદ આ છૂટછાટનો આદેશ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવ્યો હતો.

# નાઈજીરીયામાં "ધ ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ ધ નાઈજર" થી મોદી સન્માનિત

**વડાપ્રધાનને અત્યાર સુધીમાં ૧૭ આંતરરાષ્ટ્રીય પુરસ્કાર મળી ચુક્યા છે**

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અબુજામાં નાઈજીરીયાનું સર્વોચ્ચ સન્માન "ધ ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ ધ નાઈજર" એનાયત કરવામાં આવ્યું છે. આ ૧૭મો આંતરરાષ્ટ્રીય પુરસ્કાર છે જે તેને અન્ય કોઈ દેશમાંથી મળી રહ્યો છે. આ પુરસ્કાર રવિવારે નાઈજીરિયા વતી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આપવામાં આવ્યો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ સર્વોચ્ચ સન્માન મેળવનાર વિશ્વના બીજા સૌથી મોટા વ્યક્તિત્વ હશે. આ પહેલા બ્રિટનની મહારાણી એલિઝાબેથ એકમાત્ર વિદેશી મહાનુભાવ છે જેમને ૧૯૬૯માં નાઈજીરિયા



દ્વારા આ સન્માન આપવામાં આવ્યું હતું. આ પછી હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ એવોર્ડ લેવા જઈ રહ્યા છે. જે કોઈપણ દેશ દ્વારા પીએમ મોદીને આપવામાં આવેલ આ પ્રકારનો ૧૭મો આંતરરાષ્ટ્રીય પુરસ્કાર હશે. આ પહેલા ફ્રાન્સ, જાપાન, ઓસ્ટ્રેલિયા જેવા દેશો પણ પીએમ મોદીને તેમના સર્વોચ્ચ એવોર્ડથી સન્માનિત કરી ચૂક્યા છે.

























સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૧૮-૧૧-૨૦૨૪

### જલદી પૈસા વાળા થવાનો મોહ પડી શકે છે ભારે

# સાવરકુંડલામાં રહેતા શખ્સે મહુવાના યુવકને તગડા વળતરની લાલચ આપી રૂ. ૨૨.૯૦ લાખની છેતરપિંડી આચરી

સાવરકુંડલા, તા.૧૭

આજના યુવાનોમાં ઝડપથી પૈસા વાળા બનવાની ઘેલછા જોવા મળે છે. જેના કારણે તેઓ ક્યારેક ખોટી વાતોમાં આવી જતા હોય છે. સાવરકુંડલાનો લેભાગુ ચિંતન મહેશ રાવળ ઉર્ફે દેવાંગે મહુવાના યુવાનને ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવાની લાલચ આપી રૂ. ૨૨.૯૦ લાખની છેતરપિંડી આચરી હતી. મહુવામાં રહેતા એક યુવકને ક્રિપ્ટો કરન્સીમાં સારૂ વળતર મળે છે તેમ કહી લાલચ બતાવી હતી જે બાદ મહુવાના યુવકે પોતાની બહેનના ગુગલ પે તેમજ મહુવા તેમજ ભાવનગરના જુદા જુદા આંગડિયામાંથી ૪૫ લાખથી વધુની રકમ ટ્રાન્સફર કરી હતી જે બાદ સાવરકુંડલા અને મહુવાના ચાર શખ્સો પૈકી આસીફ નામના શખ્સે પોતાના મોબાઈલના ક્યુઆર કોડનો ઉપયોગ કરી બાકી નીકળતી ૨૨.૯૦ લાખથી વધુની રકમ પરત ન કરી યુવક સાથે છેતરપિંડી આચરતા યુવકે મહુવા પોલીસમાં મહુવા અને સાવરકુંડલાના બે બે શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. મહુવા ખાતે રહેતા અને એસ્ટ્રોટોલ્કની એપ્લીકેશનનું વેચાણ કરતા દેવાંગભાઈ ગિરીશભાઈ સાંગાણીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમનો મિત્ર આસિફ કાદરી



રહે. મહુવા મળ્યો હતો અને આ આસિફે આરીફ સાથે દેવાંગભાઈને મેળવી આપેલ હતો ત્યાર બાદ આ બન્ને શખ્સોએ ક્રિપ્ટો કરન્સીમાં સારૂ વળતર મળતું હોવાની લાલચ હતી અને આ બન્ને શખ્સે સાવરકુંડલાના મહુવા રોડ મુક્તેશ્વર મહાદેવ મંદિર સામે રહેતા ચિંતન મહેશ રાવળ ઉર્ફે દેવાંગ સાથે દેવાંગભાઈને મેળવી ક્રિપ્ટો કરન્સી વિશે ઊંડાણમાં સમજાવી રોકાણ કરવાનું કહ્યું હતું. જે બાદ ફરિયાદી દેવાંગભાઈએ તેમની બહેન અને મહુવા અને ભાવનગરના આંગડિયા મારફત કુલ રૂપિયા ૪૫,૪૩,૫૨૫ ટ્રાન્સફર કર્યા હતા પરંતુ દેવાંગભાઈના જમા નીકળતા રૂા.૨,૪૦,૨૨૫ જેટલી રકમ આરોપી આસીફે પોતાના મોબાઈલમાં રહેલ બીનાન્સ વોલેટમાં જમા કરાવી દેવાંગભાઈને પરત કરી ન હતી અને છેલ્લે દેવાંગભાઈને વધુ ૨૦,૫૦,૦૦૦નું રોકાણ કરાવી કુલ રૂા. ૨૨.૯૦,૨૨૫ રૂપિયાની છેતરપિંડી આચરતા દેવાંગભાઈએ ચિંતન મહેશ રાવળ ઉર્ફે દેવાંગ, આરીફ ઉર્ફે અબ્બા બાગોત, આસીફ અનવરમીયા કાદરી તેમજ અન્ય એક શખ્સ વિરૂદ્ધ મહુવા પોલીસમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

**આરોપી છે સાવરકુંડલાનો હિસ્ટ્રીશીટર**

ચિંતન મહેશ રાવળ ઉર્ફે દેવાંગ સાવરકુંડલાનો હિસ્ટ્રીશીટર છે. આ કેસમાં આંગડીયા દ્વારા કુલ ૪૫ લાખથી વધુની રકમ ટ્રાન્સફર કરવામાં આવી હતી. આંગડીયા દ્વારા પૈસાની લેતી-દેતી થઈ હોવાથી આ ઈસમે જ તે આંગડીયા મારફતે રૂપિયા મંગાવ્યા હતા તેની તપાસ કરવામાં આવે તો અન્ય કેટલા લોકોને આ રીતે ફસાવ્યા હતા તેનો પણ ખુલાસો થઈ શકે છે.

# રાજુલામાં લગ્ન પ્રસંગમાં ગરબે રમતા ૨૪ વર્ષીય યુવકનું હાર્ટ એટેકથી મૃત્યુ

રાજુલા, તા.૧૭

રાજ્યમાં નાની વયે હાર્ટ એટેક આવવાના બનાવો વધી રહ્યા છે. ત્યારે વધુ એક બનાવ રાજુલામાં બન્યો છે. અમરેલીના રાજુલા ખાતે જ્યાં લગ્ન પ્રસંગમાં ગરબે રમતા યુવકનું હૃદય થંભી જતાં એકના એક પુત્રનું મોત થતાં પરિવાર માથે આભ ફાટ્યું છે. રાજુલાના કિશોરભાઈ



પટેલ કન્ટ્રક્શનનો વ્યવસાય કરે છે. જેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. જેમનો ૨૪ વર્ષીય પુત્ર પાવન અમદાવાદ ખાતે સિવિલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરતો હતો. જેના એક મિત્રના ઘરે લગ્ન હોવાથી તે અમદાવાદથી રાજુલા આવ્યો હતો. આ દરમિયાન ગતરાત્રે પાવન પોતાના મિત્રો સાથે મન મૂકીને ગરબે રમતો હતો. ત્યારે અચાનક છાતીમાં દુઃખાવો ઊપડતાં તે ઢળી પડ્યો હતો. પાવન અચાનક ઢળી પડતાં હાજર લોકોએ પાવનને તાત્કાલિક પ્રથમ ખાનગી હોસ્પિટલ અને બાદમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં ડોક્ટરોએ પાવનને મૃત જાહેર કર્યો હતો. આમ અચાનક એકના એક પુત્રનું મોત થતાં ભાયાણી પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.

### વારંવાર આગ લાગવાની ઘટના બનતી હોવા છતાં ફાયર ફાઈટર વિહોણું જાફરાબાદ

# જાફરાબાદ નગરપાલિકામાં અપૂરતી સાધન સેવાઓથી શહેરીજનો ત્રસ્ત

જાફરાબાદ, તા.૧૭

અમરેલીનાં છેવાડે આવેલ જાફરાબાદ નગરપાલિકામાં અપૂરતી સાધનસામગ્રીથી શહેરીજનો ત્રસ્ત થઈ ગયા છે અને લોકોને મુશ્કેલીમાંથી નજીકના સમયમાં કોઈ છૂટકારો મળે તેવા પ્રયાસો પણ તંત્ર દ્વારા કરવામાં આવતા નથી તેવો આક્ષેપ હરેશભાઈ બાંભણીયા દ્વારા કરવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું છે કે વર્ષોથી નગરપાલિકામાં ચૂંટાતા સભ્યોએ લોકવિકાસનાં કાર્યોને બદલે સ્વવિકાસનાં કાર્યો કર્યા છે અને ૧૨ વર્ષથી નગરપાલિકાનું ફાયર ફાઈટર બંધ હોવા છતાં તેનું રીપેરીંગ કરાવી શકયા નથી. આ ઉપરાંત ઉભરાતી ગટર અને ગંદકીથી શહેરીજનો ત્રસ્ત છે ત્યારે તંત્ર દ્વારા તાત્કાલિક જાફરાબાદ નગરપાલિકાને માળખાકીય સુવિધાઓ પુરી પાડવામાં આવે તેવી માંગ કરી છે.



# સા.કુંડલાનાં ડમ્પીંગ યાર્ડમાં લાગેલી આગ પર ફાયર ટીમે કાબુ મેળવ્યો



અમરેલી, તા.૧૭

સાવરકુંડલામાં કચરાનો નિકાલ કરવા માટેના ડમ્પીંગ યાર્ડમાં અચાનક આગ ભભુકી ઉઠતા ઘટનાને પગલે ફાયર ફાઈટર અહી દોડી ગયુ હતું અને આગ પર કાબુ મેળવ્યો હતો. નગરપાલિકા દ્વારા કચરો યોગ્ય જગ્યાએ નખાતો ન હોવાની પણ ફરિયાદ ઉઠી છે.

### બાબરા-અમરાપરા લેઉવા પટેલ સમાજ દ્વારા

# સરસ્વતી સન્માન તથા દ્વિતીય સ્નેહમિલન સમારોહ યોજાયો

**બાબરા લેઉવા પટેલ કર્મચારી મંડળ દ્વારા કરાયું આયોજન**

બાબરા, તા. ૧૭

લેઉવા પટેલ બાબરા -અમરાપરા સમાજ દ્વારા ગેલાણી સંકુલ ખાતે દ્વિતીય સરસ્વતી સન્માન સમારંભ તથા પ્રથમ સ્નેહમિલનનું આયોજન કરેલ.



જેમાં વર્ષ ૨૦૨૩ દરમ્યાન વિવિધ વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરી ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તેમને ઈનામ અને ટ્રોફી દ્વારા પ્રોત્સાહિત



કરવામાં આવ્યા હતા. લેઉવા પટેલ સમાજના અગ્રણી આગેવાન અશ્વિનભાઈ અરજણભાઈ ટાઢાણી (માધવીપુરવાળા) મુખ્ય દાતા તરીકે હતા. આ સંમેલનમાં સમાજના અગ્રગણ્ય આગેવાનોએ શિક્ષણ તેમજ સમાજલક્ષી પ્રેરક પ્રવચન આપ્યું હતું. સંમેલનમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા સહિત સમાજના ઉદ્યોગપતિઓ, વેપારીઓ, તાલુકાના લેઉવા પટેલ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલામાં યુવકના નામે લોન પર ટ્રક લઈ સ્પેર પાર્ટ્સ વેચી નાખ્યા

**૬ લોકો સામે પોલીસ ફરિયાદ**

રાજુલા, તા.૧૭

રાજુલામાં રહેતા એક ઈસમના નામે ટ્રક લઈ સ્પેર પાર્ટ્સ બારોબાર વેચી નાખવામાં આવ્યા હતા. આ મુદ્દે છ લોકો સામે ફરિયાદ નોંધાઈ હતી. નરેશભાઈ બટુકભાઈ સોલંકી (ઉ.વ.૪૨)એ અલીઅસગર અલીહુસૈન લોટીયા, પંકજ ઉર્ફે બાલા, ઈસ્માઈલ ઉર્ફે પપલુ, ઉઝેફા શેખ, ઈમ્તીયાજ બીહારી તથા દિપક ઉર્ફે કાલા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીઓએ તેમના નામે ટ્રક ખરીદ્યો હતો. તેમજ તેમના નામની લોનના વેચાણ કરાર મુજબના હપ્તાના પૈસા, હપ્તા મુજબના ચેક નહી આપી, ટ્રક ગાડી ભાવનગરના ભંગાર સ્ક્રેપીંગમાં આપીને અલગ-અલગ પાર્ટ્સ વેચી નાખ્યા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના પીઆઈ વી.એમ. કાલોદરા વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં ગેરકાયદેસર દબાણને દૂર કરવા તંત્રએ નોટિસ ફટકારી

બગસરા તા.૧૭

બગસરામાં જેતપુર રોડ પર અટલજી પાર્ક પાસે બાયપાસ ચોકડી ઉપર છેલ્લા ૩૫ વર્ષ થયા ગેરકાયદેસર રીતે દબાણ કરેલ જમીનમાં લારી ગલ્લા તથા બાંધકામો કરી બેઠેલા લોકોને નગરપાલિકાના સત્તાધીશો તથા માર્ગ મકાન વિભાગના અધિકારીઓ



દ્વારા સરકારની સૂચનાથી ગેરકાયદેસર રીતે બાંધકામ કરીને ધંધો કરતા વેપારીઓને નોટિસ ફટકારવામાં આવી છે. જો સ્વેચ્છાએ દબાણ નહિ હટાવવમાં આવે તો સમગ્ર

**ત્રણ દિવસમાં જે કોઈ વ્યક્તિ પાસે દસ્તાવેજો હોય તે રજૂ કરે નહી તો ડિમોલેશન : તંત્ર**

પોલીસ કાફલા સાથે આવીને બાંધકામ જમીનદોસ્ત કરી હટાવી દેવાશે. દબાણકર્તાઓને તંત્ર દ્વારા કડક નોટિસ પાઠવવામાં આવી છે.

# અમરેલી-જૂનાગઢ પરિક્રમા સ્પેશિયલ ટ્રેન આજથી બંધ

અમરેલી, તા.૧૭

જૂનાગઢમાં ગરવા ગીરનારની લીલી પરિક્રમા માટે જતા મુસાફરો માટે રેલવે દ્વારા અમરેલી જૂનાગઢ પરિક્રમા મેળા સ્પેશ્યલ ટ્રેન દોડાવવામાં આવી રહી હતી. જો કે હવે ટ્રેનમાં મુસાફરોની સંખ્યામાં ઘટાડો થતા આવતીકાલથી આ ટ્રેન બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. લીલી પરિક્રમા કરવા જતા યાત્રાળુઓની સુવિધા માટે રેલવે દ્વારા અમરેલીથી જૂનાગઢ પરિક્રમા સ્પેશ્યલ ટ્રેન દોડાવવામાં આવી રહી હતી. આ ટ્રેન અમરેલીથી દરરોજ સવારે ૯ કલાકે ઉપડતી હતી અને જૂનાગઢથી ૧૫:૩૦ કલાકે ઉપડતી હતી. આ ટ્રેન બંને દિશામાં તોરણીયા, બિલખા, જુની ચાવંડ, વિસાવદર, જેતલવડ, ભાડેર, ધારી, ચલાલા અને અમરેલી પરા સ્ટેશન પર ઉભી રાખવામાં આવતી હતી. જો કે હવે આવતીકાલથી આ ટ્રેન બંધ કરવાનો રેલવે તંત્ર દ્વારા નિર્ણય લેવાયો છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?



વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

## આ બાજરાના રોટલા ખાતા લોકો ધરાતા નથી

# જાફરાબાદના બાબરકોટનો બાજરો કેમ છે શ્રીમંતોની પહેલી પસંદ?

સ્પેશિયલ રિપોર્ટઃ મયુર ખુંટ

અમરેલી, તા.૧૭

શિયાળાની શરૂઆત થતાં જ અમરેલી સહિત ગુજરાતમાં બાજરાની માંગ વધી જાય છે. ગુજરાતના ધાન્ય પાકોમાં બાજરી બીજા નંબરનો સૌથી અગત્યનો ધાન્ય પાક છે. રાજ્યમાં બાજરાનું વાવેતર લગભગ છ થી સાત લાખ હેક્ટર ખરીફ ઋતુમાં અને દોઢ થી બે લાખ હેક્ટર ઉનાળુ ઋતુમાં કરવામાં આવે છે. બાજરી બીજા ધાન્ય પાકોની સરખામણીમાં સૌથી વધારે દુષ્કાળની પરિસ્થિતિનો સામનો કરી શકે છે. તેથી જ રાજ્યના સુકા, અર્ધ સુકા વિસ્તારોમાં અન્ય પાકોની સરખામણીમાં સારું ઉત્પાદન આપે છે. તાજેતરમાં પીએમ મોદી અમરેલી આવ્યા ત્યારે તેમણે બાબરકોટના બાજરાનો ઉલ્લેખ કર્યો હતો. આ પહેલા સાંસદ પરસોત્તમ રૂપાલાએ પણ બાબરકોટના બાજરાની વાત કરી હતી. અમરેલીના જાફરાબાદના બાબરકોટના બાજરાની જાત એટલી મીઠી છે કે લોકો રોટલા ખાતા ધરાતાં નથી.



અનાજમાં તે બાસમતી ચોખા કરતાં પણ મોંઘો છે. સામાન્ય બાજરા કરતાં આ બાજરાની કિંમત લગભગ અઢી ગણી હોય છે. તેના રોટલામાં ભારે મીઠાશ છે. કૃષિ નિષ્ણાતોના જણાવ્યા મુજબ, રાજુલા અને જાફરાબાદ વિસ્તારમાં અલગ પ્રકારના પથ્થર છે. જેના કારણે બાજરામાં મીઠાશ આવતી હોવાનું માનવામાં આવે છે. અહીંની જમીનમાં જ પાકતો બાજરો દેશ વિદેશમાં જાય છે. બાબરકોટ ગામ ઉપરાંત ૭ ગામો જેવા કે

### પીએમ મોદી પણ કરી ચુક્યા છે બાબરકોટના બાજરાના વખાણ

રોહિસા, વારાહ સ્વરૂપ, મિતિયાળા, વાંઢ, વઢેરા ગામોમાં આ બાજરો પાકે છે. ભાવ ઊંચા રહેતાં હોવાથી તે શ્રીમંતોનો ખોરાક બની ગયો છે. એવું માનવામાં આવે છે કે અહીં હડપ્પન સમયથી બાજરો વાવવામાં આવે છે. અહીં બાબરકોટમાં ૨.૭ હેક્ટર વિસ્તારમાં હડપ્પન સમયનું કિલ્લેબંધ શહેર મળી આવ્યું હતું. થોડા વર્ષો પહેલા જાફરાબાદના બાબરકોટમાં અલ્ટ્રાટેક સિમેન્ટ ફેક્ટરીને માઈન્સની લીઝ આપવા અંગે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા આસપાસના લોકો માટે સુનાવણી રાખવામાં આવી હતી. ૨૭ ગામના લોકોએ ફેક્ટરીનો વિરોધ કરીને પૂરાતન સમયથી ઉગાડાતા બાજરાના ખેતરને બચાવી લેવા માટે રજૂઆત કરી હતી. અહીં દોઢ-બે દાયકા પહેલા એક વીઘામાં ૫ ખાંડી બાજરો પાકતો હતો. હવે પ્રદૂષણ વધવાના કારણે ૧થી ૨ ખાંડી પાકતો હોવાનું ખેડૂતોનું કહેવું છે.

### મોદી સાહેબ પણ આ બાજરો ખાય છેઃ ખેડૂત

બાબરકોટ ગામના ખેડૂત કાળુભાઈ સાખટે કહ્યું, આની ખાસિયત એ છે કે અમે કોઈપણ જાતનું ખાતર, કેમિકલ કે દવા નાખ્યા વગર ઓર્ગેનિક માફક દેશી ખાતરથી પકવીએ છીએ. સમય પ્રમાણે જ પાકે છે, જો જરૂર પડે તો પાણી આપવામાં આવે છે, બાકી કોઈ જરૂર પડતી નથી. તેમણે કહ્યું, તાજેતરમાં પીએમ મોદી અહીં આવ્યા ત્યારે આ બાજરાનો ઉલ્લેખ કર્યો હતો. મોદી સાહેબ પણ આ બાજરો ખાય છે.

### અમરેલીના બાબરકોટના બાજરાની શું છે ખાસિયત

દેશમાં બાજરીના વાવેતર વિસ્તારની દ્રષ્ટિએ ગુજરાત રાજસ્થાન, મહારાષ્ટ્ર પછી ત્રીજા ક્રમે છે. અમરેલીના જાફરબાદના બાબરકોટ ગામનો બાજરો પ્રખ્યાત છે. કેન્દ્રના કૃષિ મંત્રાલયે બાબરકોટના બાજરાની લેબોરેટરી તપાસ કરાવી હતી. બાબરકોટના બાજરામાં દેશના તમામ બાજરા કરતાં વધુ પ્રોટીન અને હાઈડ્રોકાર્બન જેવા તત્વો હોવાનું જાણવા મળ્યું હતું.

# અમરેલી A.R.T.O દ્વારા મોટરસાઈકલની નવી સિરીઝની ઈ-ઓકશન પ્રક્રિયા શરૂ થશે

અમરેલી, તા.૧૭

અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા મોટરકસાઈકલની નવી સિરીઝ **GJ ૧૪ BH, BF,** ૦૦૦૧ થી ૯૯૯૯ ઈ-ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઈ-ઓકશન માટે ઓનલાઈન અરજી નવેમ્બર-૨૦૨૪ની તા.૧૯ના રોજ સાંજે ૦૪ વાગ્યા થી તા.૨૧ના સાંજે ૪ વાગ્યા સુધીમાં થઈ શકશે. બિડિંગ સમયગાળો તા.૨૧ થી તા.૨૩ નવેમ્બર-૨૦૨૪ સુધી રહેશે. ઈ-ઓકશનનું પરિણામ તા.૨૩.૧૧.૨૦૨૪ એ જાહેર થશે. ઓનલાઈન ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે **http://parivahan.gov.in/parivahan/** પર નોંધણી, યુઝર આઈ.ડી. પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી, ચૂકવણુ કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે. વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે. આર.બી.આઈ. દ્વારા નક્કી કરવામાં આવેલ દરે ઓનલાઈન ઈ-ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે. હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન-૫ (પાંચ) માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ-મેઈલથી જણાવવામાં આવશે.

# ટીંબી નિર્દોષાનંદ હોસ્પિટલમાં પાનસુરીયા પરિવાર દ્વારા ૫ લાખનો ચેક અર્પણ કરાયો



અમરેલી, તા.૧૭

વર્ષોથી આરોગ્યની સેવાઓ નિઃશુલ્ક પુરી પાડતી સ્વામીશ્રી નિર્દોષાનંદ માનવસેવા હોસ્પિટલ-ટીંબીની મુલાકાતે અમરેલી તાલુકાનાં ચક્કરગઢ ગામના વતની અને હાલ નવસારી ખાતે રહેતા રમણીકભાઈ પાનસુરીયા અને કીરીટભાઈ પાનસુરીયાનો પરિવાર આવ્યો હતો. હોસ્પિટલની સેવાકીય પ્રવૃત્તિથી પ્રભાવિત થઈ પાનસુરીયા પરિવાર દ્વારા ૫ લાખનો ચેક હોસ્પિટલનાં ચેરમેન જીવરાજભાઈ સુરાણી અને બી. એલ.રાજપરાની ઉપસ્થિતિમાં અર્પણ કરવામાં આવેલ હતો.

# બાબરા તાલુકાના ઉંટવડ ગામે મહિલાને ઢીકાપાટુનો માર માર્યો

બાબરા, તા.૧૭

બાબરાના ઉંટવડ ગામે મહિલાને ઢીકાપાટુનો માર મારવામાં આવ્યો હતો. બનાવ અંગે રંજનબેન ભરતબાઈ મોખા (ઉ.વ.૫૦)એ લાલભાઈ ધાધલ, નાગરાજભાઈ ધાધલ તથા રાજનભાઈ ધાધલ સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીએ તેમના ઘરે આવી તેના પુત્ર વિશે પૂછપરછ કરી હતી. આરોપી લાલાભાઈએ તેમના લેવાના નીકળતા પૈસાની માંગણી કરી ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો.

## અવસાન નોંધ

**રાજકોટ**

સ્વ. ધર્મેશભાઈ દિનેશભાઈ દલાલ ઉ.વ.૩૯ તે અશ્મીતાબેન ધર્મેશભાઈ દલાલના પતિ અને દુષ્યંતભાઈ દિનેશભાઈ દલાલના નાના ભાઈનું અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૮/૧૧/૨૦૨૪ સોમવારના રોજ સાંજે ૪ થી ૬, સ્થળઃ કોઠારીયા મેઈન રોડ, રણુજા મંદિરની આગળ સુમંગલ પાર્ક શેરી નં. ૭ ના ખુણે (હનુમાનજી મંદિરે) રાખેલ છે.

**ડોળાસા**

અડવી નિવાસી જાનુબેન મુળાભાઈ કાતિરા ( ઉંમર ૧૦૧ વર્ષ ) તે રાણાભાઇ, પ્રેમજીભાઈ અને હીરાભાઈના માતુશ્રી તેમજ કિર્તીભાઇ, કિરણભાઈ, જેશિંગભાઈ ( PSI અમદાવાદ), રવિભાઈ, સતીષભાઈ, પ્રતિકભાઈ અને અમિતભાઈના દાદીમાનું તા. ૧૬/૧૧ ના રોજ અવસાન થયું છે. સ્વર્ગસ્થનું બેસણું તા.૨૧/૧૧ ગુરુવારે કોમ્યુનિટી હોલ, અડવી તા.કોડીનાર ખાતે રાખેલ છે.

**રાજુલા**

સ્વ. પાવન કિશોરભાઈ પટેલ (ભાયાણી), ઉ.વ.૨૪નું તા. ૧૭/૧૧ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે કિશોરભાઈ દેવચંદભાઈ ભાયાણીના પુત્ર, ભગવાનભાઈ તથા ભરતભાઈ દેવચંદભાઈ ભાયાણીના ભત્રિજા થાય છે. તેમનું બેસણું તા. ૨૧/૧૧ને ગુરુવારના રોજ બપોરે ૨ થી ૫ વતન નાના રાજકોટ, તા.લાઠી જિલ્લો અમરેલી ખાતે રાખેલ છે.
















ઢુંઢીયા પીપળીયા ગામનો પરિવાર ગળધરા ખોડિયાર દર્શન કરવા જતો હતો

# બગસરા-હડાળા રોડ પર બોલેરો પલટી ખાઈ જતા એકનું મોત, ૧૬ ઘાયલ

**ઈજાગ્રસ્તોને બગસરા બાદ વધુ સારવાર અર્થે અમરેલી ખસેડાયા**

બગસરા, તા.૧૭

વડીયા તાલુકાના ઢુંઢીયા પીપળીયા ગામેથી ગળધરા ખોડિયાર જવા નીકળેલા એક પરિવારને હડાળા-બગસરા રોડ પર બોલેરો પલટી ખાઈ જતા એકનું મોત થયુ છે જયારે ૧૬ જેટલા લોકોને નાની મોટી ઈજા થઈ હતી. ઢુંઢીયા પીપળીયા ગામેથી વાવલીયા પરિવાર દર્શન કરવા માટે ધારીના ગળધરા ખોડીયાર જતો હતો ત્યારે હડાળા-બગસરા માર્ગ પર વહેલી સવારના ૭ વાગ્યાના સુમારે બોલેરોચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા બોલેરો પલટી ખાઈ જતા બોલેરોમાં સવાર મુસાફરો ઈજાગ્રસ્ત થયા



હતા. જેમાં વિજયાબેન વાવલીયા નામની મહિલાનું મોત થયુ હતું. ઈજાગ્રસ્તોને તાત્કાલિક બગસરા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા જેમાં અમુક લોકોની હાલત ગંભીર હોવાથી તાત્કાલિક અમરેલી સરકારી દવાખાને રીફર કરવામાં આવ્યા હતા. જયાંથી ૩ દર્દીઓને વધુ સારવાર અર્થે રાજકોટ ખસેડાયા હતા.

**ઈજાગ્રસ્તોની યાદી**

૧. ક્રિશ જતીનભાઈ વાવલીયા(ઉ.વ.૧૮) રહે. ઢુંઢીયા પીપળીયા
૨. અશ્વિનભાઈ પુનાભાઈ વાવલીયા (ઉ.વ.૩૫) રહે. ઢુંઢીયા પીપળીયા
૩. ધ્રુવ મનોજભાઈ વાવલીયા(ઉ.વ.૧૩) રહે. ઢુંઢીયા પીપળીયા
૪. મિતલબેન મધુભાઈ વાવલીયા(ઉ.વ.૨૪) રહે. ઢુંઢીયા પીપળીયા
૫. કંચનબેન જતીનભાઈ વાવલીયા(ઉ.વ.૪૫) રહે. ઢુંઢીયા પીપળીયા
૬. કાંતાબેન પુનાભાઈ વાવલીયા(ઉ.વ.૬૦) રહે. ઢુંઢીયા પીપળીયા
૭. જતીનભાઈ વિરજીભાઈ વાવલીયા(ઉ.વ.૪૨) રહે. ઢુંઢીયા પીપળીયા
૮. જીજ્ઞાશાબેન મનસુખભાઈ(ઉ.વ.૩૫) રહે. સકરોલા
૯. ગૌસ્વામી જયસુખપરી બચુપરી(ઉ.વ.૫૮) રહે.તોરી
૧૦. કિરણબેન ભીખુભાઈ મોણપરા રહે.ઢુંઢીયા પીપળીયા
૧૧. મનોજભાઈ વિરજીભાઈ વાવલીયા રહે. ઢુંઢીયા પીપળીયા
૧૨. મહેશભાઈ શાતીયા(ઉ.વ.૩૯) રહે. ઢુંઢીયા પીપળીયા
૧૩. પ્રભાબેન બાલુભાઈ વાવલીયા(ઉ.વ.૬૫) રહે. ઢુંઢીયા પીપળીયા
૧૪. ધરતીબેન ધવલભાઈ વાવલીયા(ઉ.વ૨૭) રહે. ઢુંઢીયા પીપળીયા
૧૫. સ્નેહ મુકેશભાઈ વાવલીયા(ઉ.વ.૧૩) રહે. ઢુંઢીયા પીપળીયા
૧૬. જયાબેન વિરજીભાઈ વાવલીયા(ઉ.વ.૬૫) રહે. ઢુંઢીયા પીપળીયા

## સાડીને ફોલ-છેડા કરાવવાનું કહીને નીકળેલી યુવતી લાપતા બની

**લાઠીના માલવીયા પીપરીયા ગામનો બનાવ**

લાઠી, તા.૧૭

લાઠીના માલવીયા પીપરીયા ગામેથી એક યુવતી સાડીને ફોલ-છેડા કરાવવાનું કહીને ઘરેથી નીકળ્યા બાદ પરત ફરી નહોતી. ઘણો સમય થવા છતાં પરત ફરી નહોતી. તપાસ કરવા છતાં ભાળ ન મળતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. રાજુભાઈ પોપટભાઈ માલવીયા (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, પૂજાબેન રાજુભાઈ સાપરા (ઉ.વ.૧૮) ઘરેથી સાડીને ફોલ-છેડા કરાવવાનું કહીને નીકળ્યા બાદ લાપતા બની હતી.

લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.એલ. ખેર વધુ તપાસ કરી રહ્યા છે.

## અમરેલી જિલ્લામાં તા.૨૩ અને ૨૪ના રોજ મતદારયાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ યોજાશે

**કાર્યક્રમમાં નામ નોંધણી, સુધારા, કમી માટેના ફોર્મ્સ સ્વીકારવામાં આવશે**

અમરેલી, તા.૧૭

ભારતના ચૂંટણીપંચ દ્વારા તા.૦૧.૦૧.૨૦૨૫ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૫ જાહેર કરવામાં આવ્યો છે. તા.૦૧.૦૧.૨૦૨૫ની સ્થિતિએ લાયકાત ધરાવતા ભારતના નાગરિકો મતદારયાદીમાં પોતાના નામની નોંધણી કરાવી શકશે, મતદારયાદીમાં નામ ધરાવતા મતદારો પોતાની વિગતોમાં સુધારા કરાવી શકશે. તા.૨૩.૧૧.૨૦૨૪ શનિવાર, તા.૨૪.૧૧.૨૦૨૪ રવિવારના રોજ ખાસ ઝુંબેશ યોજાશે. જિલ્લામાં સમાવિષ્ટ ૧,૩૭૧ મતદાન મથકો ખાતે બુથ લેવલ અધિકારીઓ દ્વારા સવારના ૧૦ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી ઉપસ્થિત રહી મતદાર યાદીમાં નામ નોંધણી, સુધારા, કમી માટેના ફોર્મ્સ સ્વીકારવામાં આવશે. નામ નોંધણી માટે અથવા ફેરફાર માટે વોટર હેલ્પલાઈન મોબાઈલ એપ, www.voterprotal.eci.gov.in, BLO App, ઉપરાંત હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરવો. દેશના યુવા નાગરિકો કે જે અમરેલી જિલ્લામાં વસવાટ કરે છે તે તમામ નાગરિકોને તેમનું નામ મતદારયાદીમાં નોંધાવવા અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરે એક અખબારી યાદીમાં જાહેર અપીલ કરી છે.

## બાબરાના ધરાઈ ગામેથી ૬ શકુની રોકડા ૧૦,૫૫૦ સાથે પકડાયા

બાબરા, તા.૧૭

બાબરાના ધરાઈ ગામેથી પોલીસે છ જુગારીઓને રોકડા ૧૦,૫૫૦ સાથે ઝડપી લીધા હતા. વિશ્વજીતભાઈ બાલકૃષ્ણભાઈ જોષી, ધીરૂભાઈ રામજીભાઈ માંગરોળીયા, વિનુભાઈ પરશોત્તમભાઈ બડમલીયા, ધીરૂભાઈ વાલજીભાઈ કથિરીયા, લાખાભાઈ પરબતભાઈ તરવાડીયા તથા મહેશભાઈ પરબતભાઈ ચૌહાણ તીનપત્તીનો હારજીતનો જુગાર રમતાં રોકડા ૧૦,૫૫૦ સાથે ઝડપાયા હતા. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.વી. સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

## સાવરકુંડલામાં વેપારીએ મજૂરી કરતાં વધુ ઉપાડ આપવાની ના પાડતાં બે ઈસમોએ ૧.૧૨ લાખની ચોરી કરી

સાવરકુંડલા, તા.૧૭

સાવરકુંડલામાં એક વેપારીએ તેને ત્યાં ફર્નિચરનું મજૂરી કામ કરતાં બે ઈસમોને તેમના મજૂરી કામ કરતાં વધુ ઉપાડ આપવાની ના પાડતાં ફર્નિચરના સર-સામાનમાં નુકસાન કર્યુ હતું. તેમજ ૧,૧૨,૦૦૦ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે બીપીનભાઈ બાવચંદબાઈ કાબરીયા (ઉ.વ.૪૪)એ રાજસ્થાનના બીકાનેરના રઘુરામ ભાદુ તથા એક અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે આરોપીને પોતાના મકાનના ફર્નિચરનું કામ મજૂરી પેટે આપ્યું હતું. આરોપીઓને મજૂરી કામ કરતા વધુ ઉપાડ જોતો હતો. પરંતુ તેમણે આરોપીઓને મજૂરી મુજબ જ ઉપાડ આપતા સારૂ નહોતું લાગ્યું અને તેમના ફર્નિચરના સર-સામાનનું રૂ.૧,૬૪,૧૪૫નું નુકસાન કર્યું હતું. તેમજ દરવાજાના હેન્ડલ, રાઉન્ડ લોક, કપ બોર્ડ લોક વિગેરે કુલ રૂ.૧,૧૨,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ હમીરભાઈ હાજાભાઈ કામળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## કડીયાળી ગામની વિધવા મહિલાને સાંથળીની જમીન આપવાને બદલે ખોટું પંચનામુ કરાયાની રજુઆત

**રાજુલા મામલતદાર, સર્કલ ઓફિસર, તલાટી મંત્રી સહિતનાઓની મિલકતની તપાસ કરવા કલેકટર સમક્ષ ધા**

અમરેલી, તા.૧૭

રાજુલા તાલુકાનાં કડીયાળી ગામની વિધવા મહિલા હિરાબેન વશરામભાઈ ખસીયાએ કલેકટર સમક્ષ ફરિયાદ કરી છે કે સરકારી પડતર જમીન સાંથળીમાં મળવા માટે છેલ્લા ૧૮ વર્ષથી સતત અરજીઓ કરેલ છે. સરકારી જમીનમાં ભૂમાફિયાઓનો કબજો હોય જેથી સાંથળીની જમીન મેળવવા માટે અરજદારે મામલતદારને રજૂઆત કરતા મામલતદાર ભગીરથ ચૌહાણ, સર્કલ ઓફિસર નિરવ સરવૈયા, તલાટી મંત્રી યોગેશ ધાંધલીયા સહિતનાઓએ આ સરકારી જમીન ૧૯૭૧થી ભૂમાફિયાઓનો કબજો હોય તેવું દર્શાવવા માટે ખોટું પંચનામુ કરેલ છે. આ ત્રણેય સરકારી અધિકારીઓનાં બેન્ક ખાતા અને મિલકતોની તપાસ કરવામાં આવે તો અનેક ભ્રષ્ટાચાર ખુલ્લા થાય તેમ છે. ત્રણેય કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં ન આવતાં કલેકટર કચેરી સામે પ્રતિક ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવ્યું છે.

## સાવરકુંડલાના દોલતી ગામે બ્રાંચ પોસ્ટ માસ્ટરે રૂ. ૧.૦૯ લાખની ઉચાપત કરી

સાવરકુંડલા, તા.૧૭

સાવરકુંડલાના દોલતી ગામે બ્રાંચ પોસ્ટ માસ્ટરે રૂ. ૧.૦૯ લાખની ઉચાપત કરી હતી. બનાવ અંગે દિલીપભાઈ હરીભાઈ ભુતૈયા (ઉ.વ.૩૪)એ મૂળ જેતપુરના અને દોલતી ગામે બ્રાંચ પોસ્ટ માસ્ટર તરીકે ફરજ બજાવતાં ચિરાગભાઈ હરસુખભાઈ બુહા સામે દોલતી ગામની પોસ્ટ ઓફિસમાં સુકન્યા સમૃદ્ધિ તથા બચતખાતાના સાહેદોના ખાતામાંથી કુલ રૂ. ૧,૦૯,૦૦૦ની ઉચાપત કરી હતી.

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન.એસ. મુસાર વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: ત્રીજ
તા. ૧૮-૧૧-૨૦૨૪, સોમવાર, સૂર્યોદય-૦૬:૨૬,
સૂર્યાસ્ત-૦૫:૨૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: મૃગશીર્ષા

## દૈનિક રાશિફળ

તા.૧૮-૧૧-૨૦૨૪ સોમવાર

મેષ: આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે.

વૃષભ: આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઇનલ થઈ શકે છે.

મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે.

કર્ક: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે.હવામાનના બદલાવથી સમશીતોષ્ણ વિકાર ઊભા થઈ શકે છે.ખોરાકમાં બેદરકારી ના રાખવી.

સિંહ: આજનો દિવસ તમારા માટે શુભ છે. આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો.

કન્યા: આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

તુલા: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો.

વૃશ્ચિક: આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે.

ધન: આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.

મકર: આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે.

કુંભ: આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો.

મીન: આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ.

## ખાંભામાં મંજુ માતાના ખોડિયાર આશ્રમે ઓરડામાં આરામ કરતાં પૂજારીની જટા કાપી વીડિયો ઉતાર્યો

**ઝોળીમાં રહેલા રોકડા ૧૦,૮૫૦ પણ લેતાં ગયા**

ખાંભા, તા.૧૭

ખાંભામાં રાજધાની ચોકડી પાસે મંજુ માતાના ખોડિયાર આશ્રમમાં એક ઓરડીમાં પૂજારી આરામ કરતા હતા ત્યારે બે સાધુએ આવી તેમની જટા કાપી નાખી હતી. ઉપરાંત તેનો વીડિયો પણ ઉતારી લીધો હતો અને વાયરલ કરવાની ધમકી આપી ઝોળીમાં રહેલા રોકડા ૧૦,૮૫૦, મોબાઈલ ફોન, કાજુ-બદામ મળી કુલ ૨૧,૧૫૦ની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે મહુવાના ભગુડા ભોયરાધાર આશ્રમમાં સેવા પૂજા કરતા અર્જુનગીરી કાળુભાઈ વાળા (ઉ.વ.૫૫)એ અર્જુનગીરી તથા અન્ય એક અજાણ્યા સાધુ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ ખાંભા રાજધાની ચોકડી પાસે મંજુ માતાના ખોડિયાર આશ્રમે ઓરડામાં આરામ કરતા હતા તે વખતે બે અજાણ્યા સાધુ તેમના ઓરડામાં ઘૂસી આવ્યા હતા. તેમાના એક આરોપી સાધુએ પોતાનું નામ અર્જુનગીરી બતાવી તેમની સાથે નામ બાબતે માથાકૂટ કરી હતી. જે બાદ તું મુસલમાન હૈ, તું ફર્જી સાધુ છે તેમ બોલાચાલી કરી બે ત્રણ ઝાપટ મારીને ગાળો આપી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી, તેમના માથાની જટા કાપી તે અંગેનો વીડિયો તેમના મોબાઈલ ફોનમાં ઉતારી તેને વાયરલ કર્યો હતો.

તેમની જોળીમાં રહેલ રોકડા રૂ.૧૦,૮૫૦, મોબાઈલ તથા કાજુ બદામ મળી કુલ કિં.રૂ.૨૧,૧૫૦ ની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. ખાંભા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ આર.જી. ચૌહાણ વધુ કપાસ કરી રહ્યા છે.

## ધારીમાં ઉધારના પૈસા ચુકવવા ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી

ધારી, તા.૧૭

ધારીના હીમખીમડીપરામાં એક યુવકને ઉધારના પૈસા ચુકવવા મુદ્દે ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે જગદીશભાઈ પરબતભાઈ ડાભી (ઉ.વ.૩૬)એ સિકંદરભાઈ શરીફભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ આરોપીની દુકાને મુરઘી લેવા ગયા હતા. અગાઉ ઉધારમાં લીધેલી મુરઘીના રૂ. ૧૫૦ ચુકવવાના બાકી હતા જેથી આરોપીએ ઉધારના પૈસા ચુકવી દેવાનું કહી ગાળો આપી મુંઢમાર માર્યો હતો. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ અકબરભાઈ જુણેજા વધુ તપાસ કરી રહ્યા છે.







**તંત્રી લેખ**

# એગ્રીકલ્ચર સેક્ટર વિકાસ માટે અગ્રેસર બનશે

ભારત ઝડપથી પ્રગતિના શિખરો સર કરી રહ્યું છે. પ્રગતિના મુખ્ય આધાર સ્થંભ મેન્યુફેક્ચરિંગ સેક્ટર અને સર્વિસ સેક્ટર છે આનાથી પણ મહત્વનો કોઈ આધાર સ્તંભ હોય તો તે કૃષિ ક્ષેત્ર છે. તે ભારતીય અર્થવ્યવસ્થાનો તે આધાર સ્થંભ છે. કૃષિ ક્ષેત્ર દેશના કુલ જીડીપીમાં લગભગ ૧૮% જેટલો ફાળો આપે છે અને ઔદ્યોગિક ક્ષેત્ર માટે કાચા માલના મુખ્ય સ્તોત્ર તથા દેશની અડધાથી વધુ વસ્તીને આજીવિકા પૂરી પાડે છે. કોઈ પણ દેશનાં અર્થતંત્રના વિકાસ માટે મેન્યુફેકચરિંગ (ઉત્પાદન) ક્ષેત્ર અતિ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારતીય મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગ, કોવિડ-૧૯ મહામારી પૂર્વે ભારતના એકંદર સ્થાનિક મેન્યુફેક્ચરિંગ (GDP)માં ૧૬થી ૧૭% ભાગ ધરાવતો હતો અને હવે આ અર્થતંત્રમાં સૌથી વધુ ઝડપથી વિકસતાં ક્ષેત્રો પૈકીનો એક બનશે એવી ધારણા છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારત ૧ ટ્રિલિયન ડોલરના મૂલ્યની ચીજવસ્તુઓની નિકાસ કરવાની ક્ષમતા ધરાવશે અને મુખ્ય વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ કેન્દ્ર બનવાની અણી પર છે. દેશની GDPમાં ૯ ૧૭% ભાગ અને ૨૭.૩ મિલિયનથી વધારે રોજગારીઓ સાથે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર ભારતીય અર્થતંત્રમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વિવિધ કાર્યક્રમો અને નીતિઓના અમલ મારફતે ભારત સરકારને વર્ષ ૨૦૨૫ સુધીમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાંથી અર્થતંત્રનો ૨૫% ભાગ મળવાની આશા છે. ભારત સરકારના ભારે ઉદ્યોગ અને જાહેર સાહસોના મંત્રાલયએ ઉદ્યોગ ભારત ૪.૦ અથવા અદ્યતન મેન્યુફેક્ચરિંગ અને ઝડપી પરિવર્તન કેન્દ્રો' નામની એક પહેલ શરૂ કરી છે. આ પહેલ મૂડીગત ચીજવસ્તુઓના બજારમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રની સ્પર્ધાત્મકતાને વેગ આપશે. ઔદ્યોગિક પટ્ટાઓ અને સ્માર્ટ સિટી વિકસાવવા પર ભાર મૂકવાની સાથે સરકારનો ઉદ્દેશ દેશના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરવાનો છે. ઔદ્યોગિક પટ્ટાઓ ઔદ્યોગિક વિકાસ માટે સાનુકૂળ વાતાવરણ ઊભું કરવા, સંકલન કરવા અને એની પર નજર રાખવા વધારે મદદરૂપ થશે તેમજ મેન્યુફેક્ચરિંગમાં અદ્યતન રીતોને પ્રોત્સાહન આપશે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ભારતે વિદેશી ટેક્નિકલ જોડાણમાં વધારો જોયો છે, ખાસ કરીને મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિકસ અને ખાદ્ય સંસ્કરણ જેવા ક્ષેત્રોમાં. અમેરિકા, જર્મની અને જાપાન મુખ્ય ટેક્નોલોજી હસ્તાંતરણ ભાગીદારો છે. કોવિડ-૧૯ મહામારી દરમિયાન ભારતે ઝડપથી ફાર્માસ્યુટિકલ્સ અને રસીઓનું મેન્યુફેક્ચરિંગ કરીને ઉત્પાદનમાં પોતાની ક્ષમતા પુરવાર કરી છે, જેનાથી એની મેન્યુફેક્ચરિંગ ક્ષમતા વિશેની ધારણા બદલાઈ છે. સાતત્યપૂર્ણ નિયમનકારક પ્રક્રિયાઓ, સંયુક્ત સંશોધન અને વિકાસની તકો તથા ઉત્પાદનની ક્ષમતા અને આંતરરાષ્ટ્રીય ધારાધોરણો પૂર્ણ કરતાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઉત્પાદનોના એસેમ્બલિંગને કારણે હવે ભારત વિદેશી કંપનીઓ માટે સાનુકૂળ સ્થાન તરીકે પોતાને રજૂ કરે છે. પરિણામે મોટી આંતરરાષ્ટ્રીય કંપનીઓ દેશમાં સંશોધન અને વિકાસની ભાગીદારીઓ સ્થાપિત કરે છે અથવા આ માટેની તકો ચકાસી રહી છે. સરકારે વિવિધ તમામ ક્ષેત્રોમાં વૃદ્ધિને વેગ આપવા માળખાબદ્ધ અભિગમ અપનાવ્યો છે. આ ક્ષેત્રોમાં કૃષિ, માળખાગત સુવિધાઓ, ડિજિટલ પ્લેટફોર્મ, કૌશલ્ય અને મેન્યુફેક્ચરિંગ સામેલ છે. એક તરફ ભારત જ્યારે વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત' બનવા આગેકૂચ કરી રહ્યું છે ત્યારે આ સુવર્ણ યુગ કર્તવ્ય કાળ જવાબદારી અને કર્તવ્યનિષ્ઠતાના સમયગાળાનું સૂચન કરે છે.

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે ગણિતનું માર્ગદર્શન

**કારકિર્દી માર્ગદર્શન**
- અમરેલી ગણિત વર્તુળ
પંકજભાઈ બી. રાજયગુરૂ
મો. ૯૯૧૩૪ ૬૭૭૯૮

**મિડલ અને સ્પેશ્યલ સ્કૂલ સ્કોલરશિપની પરીક્ષામાં પૂછાયેલા દાખલા**

(૪) જે રકમનો $\frac{3}{7}$ ભાગ 50 બરાબર છે તે જ રકમનો $\frac{9}{25}$ ભાગ શું હશે ?

જવાબ : એક રકમનો $\frac{3}{7}$ ભાગ = 50 છે.

તેથી તે જ રકમનો $\frac{1}{7}$ ભાગ = $\frac{50}{3}$ થાય.

તેથી તે રકમ = $7 \times \frac{50}{3} = \frac{350}{3}$ છે.

હવે, આ રકમનો $\frac{9}{25}$ ભાગ = $\frac{350}{3} \times \frac{9}{25} = 14 \times 3 = 42$. જવાબ.

(૫) A, B અને C વચ્ચે 243 રૂપિયા એવી રીતે વહેંચી આપો કે Aને જે મળે તેનાથી બમણા B ને મળે, અને Cને Bના ત્રણ ગણા મળે.

જવાબ : ધારો કે Aને 1 રૂપિયો મળે, ત્યારે Bને 2 રૂપિયા મળે અને C ને 2x3 = 6 રૂપિયા મળે.

આમ 1+2+6 = 9 રૂપિયામાંથી Aને 1, Bને 2 અને Cને 6 રૂપિયા મળે.

તેથી 9:243 :: 1 : જવાબ.

તેથી જવાબ = $\frac{1 \times 243}{9} = 27$

તેથી Aને 27 રૂપિયા મળે.

તેથી Bને 54 રૂપિયા મળે, અને Cને 162 રૂપિયા મળશે.

(27+54+162=243)

(૬) 8 માણસો એક કામ 12 દિવસમાં કરી શકે છે, પણ 6 દિવસ પછી 2 માણસો જતા રહે છે, તો બાકી રહેલા માણસોને બાકી રહેલું કામ પુરૂં કરવાને બીજો કેટલો વખત લાગશે ?

જવાબ : 8 મા. 12 દિ.માં એક કામ કરી શકે છે.

તેથી 8 મા. 6 દિવસમાં $\frac{1}{2}$ કામ કરી શકયા હશે, અને $\frac{1}{2}$ કામ બાકી રહ્યું.

હવે, 6 દિવસ પછી માણસો ઘટે છે, તેથી દિવસ વધુ જોઈએ.

તેથી વ્યસ્ત પ્રમાણ સંબંધ થયો.

તેથી (વ્યસ્ત) મા. મા. દિ.

6 : 8 :: 6 : જવાબ.

તેથી જવાબ = $\frac{8 \times 6}{6} = 8$ દિવસ.

**ઘાત અને ઘાતાંક(exponents)**

કેટલીક સંખ્યાઓને વાંચવા, સમજવા કે સરખામણી કરવા એ સંખ્યાઓને આપણે ટુંકમા લખીએ છીએ.

દા.ત.- સૂર્ય અને શનિ વચ્ચેનું અંતર- 1,433,500,000,000 મીટર

$= 14335 \times 10^8$ મીટર

તેવી જ રીતે $10000 = 10 \times 10 \times 10 \times 10 = 10^4$

અહીં 10 ને આધાર, અને 4ને ઘાતાંક કહે છે

તેમજ $10^4$ને 10000નું ઘાતાંકીય સ્વરૂપ કહે છે.

સંખ્યાઓને વિસ્તૃત સ્વરૂપે લખવા માટે 10,100,... જેવી સંખ્યાઓનો ઉપયોગ કરીએ છીએ.

દા.ત. $47561 = 4 \times 10000 + 7 \times 1000 + 5 \times 100 + 6 \times 10 + 1$

$= 4 \times 10^4 + 7 \times 10^3 + 5 \times 10^2 + 6 \times 10 + 1$

કેટલાક ઘાતાંકને ચોક્કસ નામ હોય છે. જેમકે $10^2$ ને 10 ની 2 ઘાત ઉપરાંત 10 નો વર્ગ પણ કહે છે. તેવી જ રીતે $10^3$ ને 10નો ઘન કહે છે. તેવી જ રીતે $2^5 = 2 \times 2 \times 2 \times 2 \times 2 = 32$ને 2ની પંચઘાત કહે છે. જેમાં 2ને આધાર, 5ને ઘાતાંક અને 32ને તેની કિંમત કહે છે.

જયારે આધાર ઋણ હોય ત્યારે પણ આમ લખી શકાય જેમકે $(-2)^3 = (-2) \times (-2) \times (-2) = -8$

અહીં axaxaxbxbને $a^3b^2$વડે દર્શાવી શકાય.

જયાં a અને bને આધાર તેમજ અનુક્રમે 3 અને 2ને ઘાતાંક

- અવિભાજય અવયવોનો ઘાતના ગુણાકાર-

| | |
|---|---|
| 2 | 72 |
| 2 | 36 |
| 2 | 18 |
| 3 | 9 |
| 3 | 3 |
| | 1 |

એટલે કે- $72 = 2 \times 2 \times 2 \times 3 \times 3$

$= 2^3 \times 3^2$

કિંમત શોધો- $(-10)^3 = (-10) \times (-10) \times (-10) \times 100 \times (-10) = -1000$

ઉ.દા. $2^3 \times 3^2$માં કઈ સંખ્યા મોટી છે ?

$2^3 = 2 \times 2 \times 2 = 8$ અને $3^2 = 3 \times 3 = 9$

જેથી 9>8 તેથી $3^2$ એ $2^3$થી મોટી છે.

ઉ.દા. $8^2$ અને $2^8$માંથી કઈ સંખ્યા નાની છે.

$2^8 = 2 \times 2 \times 2 \times 2 \times 2 \times 2 \times 2 \times 2 = 256$

$8^2 = 8 \times 8 = 64$ તેથી $8^2$ એ $2^8$ કરતા નાની છે.

ઉ.દા.- વિસ્તરણ કરો.

$a^3b^2, a^2b^3, b^2a^3, b^3a^2$ શું તે બધા સરખા છે ?

$a^3b^2$= axaxaxbxb, $a^2b^3$= axaxbxbxb

$b^2a^3$= bxbxaxaxa, $b^3a^2$= bxbxbxaxa

નોંધો કે = $a^3b^2$ અને $a^2b^3$ પદોનાં કિસ્સામાં a અને bનાં ઘાતાંક જુદા જુદા છે એટલે કે $a^3b^2$ અને $a^2b^3$ જુદા છે. બીજીબાજુ $a^3b^2$ અને $b^2a^3$ એ સરખા છે, અહી બંને પદોમાં a અને bના ઘાતાંક સરખા છે, તેમના અવયવોનાં ક્રમમાં વાંધો નથી.

દા.ત. અવિભાજય અવયવોની ઘાતના ગુણાકાર સ્વરૂપે દર્શાવો

$432 = 2 \times 216 = 2 \times 2 \times 108 = 2 \times 2 \times 2 \times 54$

$= 2 \times 2 \times 2 \times 2 \times 27 = 2 \times 2 \times 2 \times 2 \times 3 \times 3 \times 3$

તેથી $432 = 2^4 \times 3^3$

ઉ.દા. કિંમત શોધો→ $(-5)^4 = (-5) \times (-5) \times (-5) = 25 \times 25 = 625$

**ઘાતાંકનાં નિયમો(Laws of Exponents)**

(૧) ગુણાકાર(સમાન આધારની ઘાતનો ગુણાકાર)નો નિયમ

સમજૂતિ- $2^2 \times 2^3 = 2 \times 2 \times 2 \times 2 \times 2 = 2^{2+3} = 2^5$

અહીં નોંધો કે જો આધાર સરખા હોય તો ઘાતાંકોનો સરવાળો થાય છે.

ઉ.દા. $a^2 \times a^4$ = axaxaxaxaxa $= a^{2+4} = a^6$

આ પરથી આપણે સામાન્ય રીતે તારવી શકીશુ કે કોઈપણ શૂન્ય સિવાયનો પૂર્ણાંક a હોય અને m અને n પૂર્ણ સંખ્યાઓ હોય તો..$a^m \times a^n = a^{m+n}$

(૨) ભાગાકાર(સરખા આધાર પર ઘાતાંકોનો ભાગાકાર)નો નિયમ

અહીં આપણે અત્યારે ભાગાકારનાં નિયમના ત્રણ ભાગ પૈકીનો ફકત પહેલો ભાગ સમજીશુ.

(i) $5^6 \div 5^2 = \frac{5 \times 5 \times 5 \times 5 \times 5 \times 5}{5 \times 5} = 5^{6-2} = 5^4$

આમ શૂન્ય સિવાયનાં પૂર્ણાંક a માટે $a^4 \div a^2 = a^{4-2} = a^2$

ઉ.દા. $9^{11} \div 9^2 = 9^{11-2} = 9^9$

$20^{15} \div 20^{13} = 20^{15-13} = 20^2$

વ્યાપક રીતે- શૂન્ય સિવાયના પૂર્ણાંક a માટે

$a^m \div a^n = a^{m-n}$

# આપણાની ઓળખ અને પારકાની પરખ

**મનન ચિંતન**
ભરત બાવીશી



આજના સમયમાં ઠેર ઠેર સામાજિક પ્રસંગો, કથાઓ, ઉત્સવ ઉજવણી, સમૂહલગ્નો, સન્માન સમારંભો, મેળાવડા જેવા જાહેર કાર્યક્રમોમાં લોકોની ખૂબ મોટી ભીડ જોવા મળે છે. મોટે ભાગે દરેક જગ્યાએ થતાં આવા મોટા કાર્યક્રમોમાં આયોજક કે યજમાન કે મુખ્ય દાતા તરીકે મોટા ઉદ્યોગપતિ મોટા ભાગનો ખર્ચ ભોગવતા હોય છે. બાકીના લોકોની મહેનત હોય છે. અને ૯૫ ટકા લોકો માત્ર હાજરી આપીને ભોજન કરીને છૂટા પડતાં હોય છે. અને આયોજકોને પણ મોટી સંખ્યા ભેગી કરવી હોય છે એટલે બધાને આમંત્રણ આપતા હોય છે. સારી વાત છે કે જે લોકો ધંધા વ્યવસાયમાં સારી સફળતા મેળવીને સારું કમાતા હોય એટલે પોતાનું સામાજિક ઉત્તરદાયિત્વ સમજીને કે પોતાના શોખ પુરા કરવા માટે અથવા તો ધાર્મિક ભાવનાથી આવા મોટા ગજાના સામાજિક, ધાર્મિક કાર્યક્રમો કરીને નિજાનંદ લેતા હોય છે. માનસિક સંતોષ અનુભવતા હોય છે. આમાં આયોજકોને પણ મજા આવે છે અને લોકોને પણ ખૂબ મઝા આવે છે. કારણ કે આખો પ્રસંગ કે ઉત્સવ જ આનંદ લેવા માટે ગોઠવ્યો હોય છે. ઘણીવાર આયોજક આવા મોટા પ્રસંગોમાં ખૂબ મોટી સંખ્યા હાજર રખાવીને પોતાનું શક્તિ પ્રદર્શન પણ કરતા હોય છે પણ આવડી મોટી હાજરીમાં મુખ્ય આયોજક દરેકને વ્યક્તિગત રીતે ઓળખતા હોય એવું શક્ય નથી પણ હાજર રહેલા બધા લોકો આયોજકોને ઓળખતા હોય છે અથવા તો આવા આયોજન પછી ઓળખતા થતાં હોય છે.

**સમાજની ભીડમાં ખૂબ ઓછા લોકો આપણા હોય છે,બાકી બધા પારકા જ હોય છે!**




આમાં બને છે એવું કે લોકોની આવડી મોટી ભીડમાં મોટા ભાગના બધા લોકો આયોજકના પોતાના અંગત નથી હોતા, કે જેઓ સંકટ સમયમાં સાથે ઊભા રહે. ખૂબ ગણ્યા ગાંઠ્યા લોકો જ એવા હોય જે ખરા સમયે સાથ આપતા હોય, બાકી મોટા ભાગના બધા લોકો માત્ર સુખના પ્રસંગોમાં જ હાજરી આપનાર હોય છે. જે વ્યક્તિ સફળતાની ચીડી ચડ્યો હોય ત્યારે અનેક પ્રકારના સંઘર્ષોમાંથી પસાર થયો હોય છે ત્યારે એની સાથે હોય તે સફળ થયા પછીના સન્માન સમારંભમાં પાછળ હોય છે અને સંઘર્ષ વખતે નબળી વાતો કરનાર કે ટાંટિયા ખેંચનાર હાર-તોરામાં આગળ હોય છે. એનાથી વિપરીત આજે જે સુખી અને સમૃદ્ધ કે સફળ હોય કે સત્તામાં હોય એની આગળ પાછળ ટોળું થઈને ફરતા લોકો કાયમ એના સાથી રહેતા નથી. જેવી સત્તા ગઈ કે સમૃદ્ધિ ઓછી થઈ કે નિષ્ફળતા મળે એટલે આ ટોળું કે ભીડ ગાયબ થઈ જાય છે. કારણ કે ભીડમાં કે ટોળામાં બધા આપણા અંગત નથી હોતા, બધા પારકા જ હોય છે અને જે અંગત કે દિલથી આપણા હોય એની ખરી ઓળખ સુખમાં કે સફળતામાં નહિ પણ દુ:ખમાં કે નિષ્ફળતામાં જ થાય છે. ખાલી મોટી મોટી વાતો કરીને કે દેખાડો કરીને વાહ-વાહી કરનાર અને આવી જ ખોટી વાહ-વાહી જીલનાર બન્નેની સાચી ઓળખ સંકટ સમયે જ થાય છે. ખરા સમયે સાથે ઊભો રહેનાર માન સન્માનનો મોહતાજ નથી હોતો. એ તો પોતાની ઈજ્જત આબરૂ દાવ પર લગાવીને પોતાના માટે ગમે તે કરવા તૈયાર થઈ જાય છે. ઘણા લોકો તો એવો પણ ખોટો દેખાડો કે જશ લેતા હોય છે કે એણે કેવું જોઈએને. અરે કીધા વગર પીડા પારખી જાય એ જ ખરા સ્નેહી. એ જ આપણા અંગત ગણાય. બાકી બધા પારકા જ ગણાય. તમારા સારા સમયમાં જેવી જેની જરૂરિયાત એવો તમારો ઉપયોગ કરી તમારી વ્હારે આવવાનું તો દૂર..તમને પૂછે પણ નહિ કે કેમ છે? એવા લોકોની હાજરી હોય કે ન હોય શું ફરક પડે! તમને પચાસ કામ ચિંધનાર તમારું એક કામ ના કરી શકે અથવા તો એવી એની દાનત ના હોય તો એવા સંબંધો કે ઓળખાણ માત્ર નામની જ ગણાય, જરૂર પડે ત્યારે કંઈ કામની નહિ! શુ કામ આવા સ્વાર્થી સંબંધ આગળ ઘસાવું કે દોડવું જોઈએ. માણસની પરિસ્થિતિ કે સમય બદલાતો હોય છે પણ માણસનું ઝમીર જીવિત હોય છે. ખાનદાની અને ખુમારી એની એ જ હોય છે. ખરાબ સમય તો ચોક્કસ ચાલ્યો જ જાય છે અને ભુલાઈ પણ જાય છે પણ એ સમય દરમ્યાન લોકોએ કરેલ વર્તનની છાપ કાયમ માનસ પટ પર અંકિત થઈ જાય છે. સમય બધાને ઘણું બધું શીખવાડી જાય છે. સાથે સાથે એવા ખાસ લોકો જે દિલથી તમારી સાથે હોય એના પ્રત્યે કાયમ આદરભાવ રહી જાય છે. અને ભીડ નહી પણ ભાઈ જેવા અંગત ભાઈબંધ જ તમારું ખરું કામ કરી જાય છે એ વાતનું તમને ભાન કરાવી જાય છે. કોણ આપણા અને કોણ પારકા એની ઓળખ સુખમાં નહિ પણ સંકટમાં જ થાય છે અને આવી સાચી ઓળખ થયા પછી એની કદર કરવાની આપણી પણ ફરજ બની જાય છે. જીવનમાં ગણતરી જરૂરી છે પણ બે પાંચ ઠેકાણા એવા પણ રાખવા જ્યાં ગણતરી ના કરાય, પછી એ સમય હોય કે નાણાં હોય. ક્યાંક ઘસાવુ પડે, ક્યારેક સમયનો ભોગ દેવો પડે કે થોડું ઘણું જતુ કરવું પડે તો ખાસ આવા આપણા પોતાના માટે એનું ટાણું સાચવી લેવું એ જ એમના માટે મોટું નાણું છે બાકી તો મોટી મોટી ઓળખાણની ખોટી ઊંડી ખાણ્યું છે. જેમ 'ગરથ ગાંઠે અને વિદ્યા પાઠે' એમ ઓળખાણ સંકટ કાળે ઉપયોગી હોય તો જ કામની. બાકી બધું સ્વાર્થનું સગુ કહેવાય. એવું નથી બધા ખરાબ જ છે પણ માત્ર સ્વાર્થ ખાતર નિભાવતા સંબંધ અને ખરા અર્થમાં દિલથી નિભાવતા સંબંધની ઓળખની વાત છે. કોને કેટલું મહત્વ આપવું, કોના માટે કેટલું ઘસવું એ સમજણ સાથે ખોટા સ્વાર્થી સંબંધોને લીધે સાચા સંબંધોની અવગણના ન થાય એ માટે ભીડમાં પણ આપણા પોતાના ક્યાંય ખોવાય ના જાય એની ખેવના રાખીશું તો જ સાચું સમાજ નિર્માણ કર્યું કહેવાય.

# ઘરે બેઠા પોતાના ભાવે ખેત ઉત્પાદન વેચે ઈ - ખેડૂત





**ઝાકળનું એક બિંદુ**
હિરેન હિરપરા



ખેડૂતો રાત-દિવસ મહેનત કરી જાણે, રાત ઉજાગરા કરી જાણે. કારણ કે રાતે વાહુપો(રાત્રે ખેતીનું ધ્યાન રાખવા) ન જાય તો ભુંડ અને રોઝ જેવા ખેતીના દુશ્મનો ઉભા વાવેતરનો સોથ બોલાવી દે અને જયારે પોતાનો પાક તૈયાર થાય બળબળતી બપોરે થ્રેસર, હલરમાંથી બાજરો, જુવાર, ઘઉં કે અન્ય જણસ હાર્વેસ્ટીંગ કરેલ હોય, તડકાના સમયે તેને વાવલતા હોય એ દ્રશ્ય એ.સી. વાળી ઓફિસોમાં બેસતા સત્તાધીશો અને જેને પેટનો ખાડો પુરવામાં જ મોંઘવારી દેખાય છે તેવા હોંશિયાર ગુલાબી ચામડીવાળાઓએ વિચાર કરવો રહ્યો. અમરેલી જિલ્લાનાં સાવરકુંડલા તાલુકાના ઘનશ્યામનગર ગામના યુવા અને પ્રગતિશીલ ખેડૂત લલીતભાઈ ગણપતભાઈ સુહાગીયા પાસે ૩૫ વિઘા જેટલી જમીન છે. ગામડું છોડીને લલીતભાઈ સુરત ખાતે વ્યવસાય અર્થે મહેનત કરી રહ્યા હતા. તેવામાં તેના માતૃશ્રીને પેરેલીસીસનો હુમલો આવતા સારવાર દરમ્યાન ડોકટરે સાથે વાત કરતા કહ્યું કે આજે દૂધ, ઘી, શાકભાજી અને અનાજમાં વપરાતા બેફામ રસાયણો, કેમિકલ્સ અને મિલાવટના કારણે આવા બધા રોગો થાય છે. બસ ત્યારથી જ આ યુવાને મનમાં ગાંઠ વાળીને પ્રાકૃતિક ખેતી કરવી, મહેનત કરીને ભાવો પોતાના લેવા અને ખાનારને દવા, ખાતર વિના સારું પ્રાકૃતિક આપવું આ વિચાર સાથે ૨૦૧૭માં ગાય આધારીત જીવામૃત, ઘનામૃતની શરૂઆતથી વાવેતર કર્યું. ઘણા મિત્રો અને પાડોશી હસવા લાગ્યા અને છાને ખુણે બોલવા લાગ્યા કે લલીત હેરાન થશે કે બાપ-દાદાની જમીન વેચી મારશે. લોકોની કલ્પના આજે ખોટી પડી છે. કારણ કે કાળમીંઢ પાણા તોડીને ખેતી કરતો ધરતીનો દીકરો એમ કાંઈ પાછો ના પડે. લલીતભાઈ કહે છે, 'ચોમાસામાં ૨૦ વિઘાની શીંગનું વાવેતર કરેલ અને લેબ ટેસ્ટ સાથે ઓર્ગેનિકસતાના સર્ટી સાથે ઘેર બેઠા ૧૮૦૦ના ભાવે મગફળીનું વેચાણ કરેલ. જે લોકો એક વખત મગફળી ખરીદે છે તે બીજા વર્ષે અવશ્ય આવે છે. કારણ કે સ્વાદમાં ફેર પડે છે.' ૫ વિઘા જમીનમાં પ્રાકૃતિક ખેતી થકી ડુંગળીનું વાવેતર કરે છે. સારૂ ઉત્પાદન અને સારા ભાવો મેળવે છે. જયારે ૫ વિઘા બિન પિયત જમીનમાં કોઠીંબાનું વાવેતર કરી તેની કાચરી બનાવીને વેચે છે. ચાલુ વર્ષે ૮૦૦ રૂપિયા કિલોના ભાવથી કાચરીનું વેચાણ પૂર્ણ કરેલ છે. કાચરીમાં મહેનત છે. જયારે વરસાદી વાતાવરણ હોય ત્યારે સુકવણીમાં પણ મહેનત થાય છે. જયારે શિયાળામાં ગત વર્ષે ૧૫ વિઘાનો બાજરો વાવેતર કરેલ હતો. ગ્રેડીંગ-શોર્ટીંગ કરીને ૧૮૦૦ રૂપિયા મણના ભાવથી મહાનગરોમાં વેચાણ કરેલ. આમ જાડા ધાન્યમાં જંતુનાશક દવાઓ પહેલા નહિવત જરૂરત પડતી પરંતુ વર્તમાન સમય પ્રાકૃતિક ખેતી માટે સારો આવી રહ્યો છે. આ ઉપરાંત શિયાળામાં ઘઉંના વાવેતરમાંથી ઘઉંનો પોક બનાવીને રૂ.૩૫૦ના ભાવે વેચાણ કરેલ. ઉપરાંત ઉનાળુ વાવેતર જુવારનું કરીને મિલેટ ધાન્ય જુવારનું પણ વેચાણ કરે છે. વર્તમાન મહાનગરોની ઝાકમ-ઝોળ અને દેખા-દેખીએ ગામડાઓને ઝાંખપ લગાડી છે. સમય હંમેશા પરિવર્તનશીલ હોય છે. ખેતી સાથે જોડાયેલા લોકોની ભાવિ પેઢીને ખેતીમાં રસ નથી રહ્યો. જયારે સામાપક્ષે સરકારી નોકરીઓ સતત ઘટી રહી છે. બધા જ લોકો સફળ ઉદ્યોગપતિ કે કોન્ટ્રાકટર કે બિઝનેસમેન નથી બની શકવાના એ વાસ્તવિકતા છે. વાતો સંભળાઈ રહી છે. બિન ખેડૂતો ખેતી માટે જમીન ખરીદી કરી શકશે. જો આ કાયદો આવ્યો તો સમજજો ખેડૂતો ઉંચા ભાવે જમીનો વેચીને ૧૦ વર્ષ પછી પોતાના જ વેચેલા ખેતરોમાં ખેત મજૂર તરીકે કામ કરતા હશે.

ઘનશ્યામભાઈ જેવા બળુકા ખેડૂતોને મળવા જેવું ખરૂં. તેનો સંપર્ક નં. ૯૮૭૯૧ ૫૨૭૫૨

**-:: તિખારો ::-**

**રૂપ, રૂપિયા અને સત્તાના જોરે માણસ ખાનદાની ભૂલી અહંકારનું પ્રદર્શન કરે છે. આ બધો સમય હોય છે અને વ્યકિત તેને પોતાની તાકાત, સફળતા સમજી બેસે છે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગન્યૂઝ લીલોતરી

# અઠવાડિક ખેતી કાર્યો



ડો. જી.આર.ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ
ફોન ૯૨૭૫૭૦૮૩૪૨

**ઘઉં:**

ઘઉંના ૧ કિલોગ્રામ બીજને ૩ ગ્રામ કેપ્ટાન અથવા થાયરમ દવાનો પટ આપી વાવેતર કરવું.

ઘઉંમાં ૫૦ કિલોગ્રામ પોટાશ તેમજ ૨૫ કિલોગ્રામ ઝીંક સલ્ફેટ આપવાથી ઉત્પાદનમાં વધારો થાય છે.

મોડામાં મોડી વાવણી ૩૦ નવેમ્બર થી ૧૦ ડિસેમ્બર વચ્ચે કરવી.

મધ્યમ કાળી ચુનાયુક્ત જમીન માટે ૬૫ કિલો યુરીયા પાક ૩૫ થી ૪૦ દિવસનો થાય ત્યારે આપવું.

વાવેતર વખતે ૧૨૦ કિ.ગ્રા. નાઈટ્રોજન, ૬૦ કિ.ગ્રા. ફોસ્ફરસ અને ૬૦ કિ.ગ્રા. પોટાશ પ્રતિ હેક્ટર પ્રમાણે આપવું.

નિંદામણ નિયંત્રણ માટેના ઉપાયો ઘઉંના પાકમાં હાથથી નિંદામણ નિયંત્રણ કરવું હિતાવહ છે આમ છતાં મજૂરોની અછત હોય તો ઉગતા પહેલા (પ્રિ ઈમરજન્ટ)

૧. પેન્ડીમિથાલીન ૩૦ ઇસી દવા ૧૦ લિટર પાણીમાં ૬૦ મિ.લિ. પ્રમાણે ઓગળી વાવેતરના પિયત બાદ ૪૮ કલાકની અંદર છંટકાવ કરવો. ઉગાવા બાદ (પોસ્ટ ઈમરજન્સી)

૨. ઉભા પાકમાં વર્ણનાત્મક ઘાસ તથા પહોળા પાનવાળા નિંદામણનું પ્રમાણ વધારે હોય તો વાવેતર બાદ ૩૦ થી ૩૫ દિવસે મેટસલ્ફુંરાન મિથાઈલ ૨૦ વે.પા. ૦.૪ ગ્રામ અથવા (ક્લોડીનાફોપ પ્રોપાઝીર્લ ૧૫ મેટસલ્ફયુરાન મિથાઇલ ૧ વે.પા.) ૮ ગ્રામ અથવા (સલ્ફોસલ્ફૂરોન ૭૫ મેટસલ્ફ્યુરાન મીથાઇલ ૫ ડબલ્યુ.જી.) ૦.૮ ગ્રામ કોઇ પણ એક નિંદામણ નાશક દવા ૧૦ લિટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.






**કપાસ:**

મેગ્નેશીયમની ખામીને કારણે કપાસમાં લાલ પર્ણ દેખાય તો મેગ્નેશીયમ સલ્ફેટના ૧ ટકાના દ્રાવણનો છંટકાવ ખામી દેખાય ત્યારે કરવો પછી બીજો છંટકાવ ૧૫ દિવસે કરવો.

**તુવેર:**

ફૂલ અને શીંગોને નુકસાન કરતી જીવાતોનું નિયંત્રણ તુવેર અને અન્ય કઠોળ પાકોમાં ૫૦ ટકા ફૂલ બેસવાની અવસ્થાએ અને ત્યારબાદ ૧૫ દિવસે નીચે પૈકીની કોઈપણ એક દવાનો ૧૦ લિટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો.

કવીનાલફોસ ૨૦ મિ.લિ. અથવા સ્પીનોસાડ ૨ મિ.લિ. અથવા થાયોડીકાર્બ ૧૦ ગ્રામ અથવા ફ્લુબેન્ડીયામાઈડ ૨ મિ.લિ. અથવા ક્લોરાન્ટ્રાનીલીપ્રોલ ૧.૫ મિ.લિ. અથવા ઈમામેકટીન બેન્ઝોએટ ૨ ગ્રામ.

બિનપિયત પાકમાં કવીનાલફોસ ૧.૫ ટકા ભૂકીરૂપ દવા હેકટરે ૨૫ કિ.ગ્રા. પ્રમાણે છંટકાવ કરવો.

**સૂર્યમુખી :** વાવેતર બાદ ૩૦ દિવસે ૬૫ કિ.ગ્રા. યુરીયા અથવા ૧૫૦ કિ.ગ્રા. એમોનિયમ સલ્ફેટ આપવું.

**જીરૂ:**

જીરૂમાં ટપક પદ્ધતિ અપનાવો તેમજ ૩૦-૧૫-૨૫ ના.- ફો.-પો./હે. આપો.

બીજનો દર ૧૨ થી ૧૬ કિ.ગ્રા./હે. રાખવો અને વાવેતર વખતે ૪૩ કિ.ગ્રા. ડીએપી અને ૨૦ કિ.ગ્રા. યુરીયા આપવું. બીજને ૮ કલાક પાણીમાં પલાળી છાયામાં સુકવી ૧ કિલોગ્રામ બીજ દીઠ ૩ ગ્રામ થાયરમનો પટ આપવો.

જીરુમાં થ્રીપ્સના નિયંત્રણ માટે બ્યુવેરીયા બાસીયાના ૬૦ ગ્રામ જીવાત દેખાય ત્યારે છંટકાવ કરવો.

**ધાણા:**

» ગુજરાત ધાણા-૧ અથવા ૨ નું વાવેતર કરવું તેમજ લીલા ધાણા કે કોથમીર માટે શીતલ જાતનું વાવેતર કરવું.

» વાવેતર નવેમ્બર માસના પ્રથમ અઠવાડિયામાં કરવું અને બીજનો દર ૨૦ કિ.ગ્રા. પ્રતિ હેકટરે રાખવો.

» ધાણાના ફાડીયા કરી સૂર્યના તાપમાં તપાવી ૧૦ થી ૧૨ કલાક પાણીમાં પલાળી સુકવ્યા બાદ વાવતેર કરવું.

**ચણા :**

» બીજું પિયત ૧૫ થી ૨૦ દિવસે અને ત્રીજું પિયત ૩૫ થી ૪૦ દિવસે ફુલ બેસે ત્યારે આપવું.

» લીલી ઈયળ તથા શીંગ કોરી ખાનાર ઈયળના નિયંત્રણ માટે પોલીટ્રીન ૪૦% ઇસી ૧૫ મિ.લિ. અથવા એસીફેટ ૭૫% ઇસી ૧૫ ગ્રામ ૧૦ લિટર પાણીમાં નાખી છંટકાવ કરવો.

**મગ :**

રવી ઋતુના બિન પિયત કાળા મગ જીબી એમ-૧ નું વાવેતર કરવા નવસારી કૃષિ યુનિવર્સીટી- તણછાનો સંપર્ક કરો.

**બટાકા:**

બટાકાનું વાવેતર ૧૫ નવેમ્બર આજુબાજુ કુફરી બાદશાહ, કુફરી પુખરાજ અથવા કુફરી લૌકરનું વાવેતર કરવું.

» વાવતા પહેલા ૧ કિલો મેન્કોઝેલ અને ૫ કિલો શંખજીરૂંનું મિશ્રણ બનાવી કાપેલા ભાગ ઉપર ભભરાવી વાવેતર કરવું.

» બટાટાનું વાવેતર નવેમ્બર માસના બીજા અઠનિડયાથી ચોથા અઠવાડિયા સુધીમાં કરવું.



**રતાળુ :** રતાળુની જાત એન. જી.વાય ૭નું વાવેતર કરવું તે કાલવ્રણ રોગ સામે મધ્યમ રોગ પ્રતિકારક શક્તિ ધરાવે છે.

**પાપડી :** દક્ષિણ ગુજરાતનાં ખેડૂત માટે પાપડી જી.એન.આઈ.બી.-૨૨ નું વાવેતર કરવું.બીજને રાઈઝોબીયમનો પટ આપીને વાવેતર કરવું.

**લીંબુ:**- લીંબુનું પાન કોરીયું અને કાળી માખીનું નિયંત્રણ માટે ઈમીડાક્લોરાપ્રાઈડ ૪ મિ.લિ./ ૧૦ લિ. પાણીમાં નાખી બે છંટકાવ ૧૫ દિવસના ગાળે કરો.

**કેળ :**

» કેળની રોપણીના ખાડા દીઠ ૧૦ કિ.ગ્રા. છાણીયુ ખાતર આપવું.

**નાળીયેરી :**

» ગેંડા કિટકના નિયંત્રણ માટે કાણા સાફ કરી ૨% મિથાઈલ પેરાથીઓન ભૂકી અને ઝીણી રેતી સરખા ભાગે મિક્સ કરી કાણામાં મૂકી કાણું માટીથી બંધ કરવું.

**જામફળ :** ફળ માખીના નિયંત્રણ માટે ૫૦ લિટર પાણીમાં મેલાથીઓન ૫૦% ઈસી ૧૦ મિ.લિ. અને ૪૦૦ ગ્રામ ગોળ ભેળવી સાંજના સમયે છંટકાવ કરવો.

**દાડમ :** દાડમના પાકમાં વરસાદ પૂર્ણ થયાના ૪૫ દિવસ બાદ ડાળીની ટોચ પરથી ૩૦ સેમી સુધી છટણી કરવાથી સારો નફો મળે છે.

**દુધી :** મધ્ય ગુજરાતના ખેડૂતો માટે ગુજરાત આણંદ સંકર દુધી-૧ (જીએબીજીએચ-૧) નું વાવેતર કરવું.





**ટમેટા:** મધ્ય ગુજરાતના ખેડૂતોને ગુજરાત આણંદ ટમેટા-૫( જીએટી-૫ )નું વાવેતર કરવું.

» ૬૦ ટકા છાપાવાળા સફેદ નેટ હાઉસમાં ટમેટાની અનિયંત્રીત વૃદ્ધિવાળી જાતની ખેતી કરવાથી વધુ ઉત્પાદન અને આર્થિક વળતર મેળવી શકાય.

» પાનનો કોકડવા તથા ફળ કોરી ખાનારી ઈયળમાં નિયંત્રિત જાતો કરતા સારી પ્રતિકારક છે.

» ભૂકીછરાના નિયંત્રણ માટે પાકમાં રોગની શરૂઆત થાય એટલે દ્રાવ્ય ગંધક ૮૦% વાળો ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.

**મરચી :** ગ્રીન હાઉસમાં કેપ્સીકમ મરચીમાં ૨૦ થી ૨૫ દિવસે છોડની અગ્રકલિકા દૂર કરવી.

**રીંગણી :** ડોલી-૫, જૂનાગઢ લોંગ, ગુ.રી.હા.-૧, જી.આર.બી.-૫ નું વાવેતર કરવું. જીપ્સમનો ઉપયોગ સામાન્ય રીતે જે જમીનનો આમલતા આંક(પી.એચ) ૮.૫ થી વધુ હોય તેવી જમીન ભાસ્મિક જમીન તરીકે ઓળખાય છે. આવી જમીનમાં માટીના રજકણો ઊપર સ્થિર થયેલ સોડીયમ આયન પાક ઉત્પાદનમાં બાધક છે. જમીનમાં જિપ્સમ નાખવાથી તેમાં રહેલા કેલ્શિયમ આયન સ્થિર થયેલ સોડીયમ આયનને નીતાર દ્વારા દુર કરી તેનું સ્થાન લે છે.

# ચણાની વૈજ્ઞાનિક ખેતી

ડો.આર.એસ.પરમાર અને ડો.બી.વી.હુમર
કોલેજ ઓફ એગ્રીકલ્ચર જૂનાગઢ એગ્રીકલ્ચર યુનિવસીર્ટી, મોટા ભંડારીયા-૩૬૫૬૧૦

**ચણાની ખેતી પધ્ધતિ:**

**જમીનની તૈયારી:** જે ખેડૂતોને ચણાનું વાવેતર કરવાનું છે તેઓએ ધ્યાન રાખવું કે સારી ભેજસંગ્રહ શકિત ધરાવતી, કાળી અથવા મધ્યમ કાળી કાંપવાળી જમીનમાં ચણા ખૂબ જ સારા થાય છે. આમ છતાં ગોરાડુ અને રેતાળ જમીનમાં પણ આ પાક વાવી શકાય છે. જયાં ખારા ભૂગર્ભજળનું સ્તર બહુ ઊંચું ન હોય અને જમીન ખારી ન હોય ત્યાં ચણા થાય છે. બિનપિયત વિસ્તારોમાં ચોમાસા પછી જેમ જેમ પાણી સુકાતું જાય તેમ તેમ ચણાની વાવણી કરવામાં આવે છે. આવા વિસ્તારોમાં વાવણી વખતે બીજ ૧૦ થી ૧૫ સે.મી. ઊંડે ભેજમાં પડે એ ખૂબ જરૂરી છે. પિયત વિસ્તારમાં હેકટરે ૧૦ ટન છાણીયું ખાતર નાખીને દાંતી, રાંપ, સમારથી જમીન તૈયાર કરવી.

**વાવણીનો સમય:** નવેમ્બરનાં પ્રથમ પખવાડીયા દરમ્યાન પિયત ચણાની જાતોનું વાવેતર કરવું. બિનપિયત ચણાની જાતોનું વાવેતર ઓક્ટોબરના છેલ્લા અઠવાડીયાથી કરી શકાય.

**બીજનો દર અને અંતર:** બે ચાસ વચ્ચે ૩૦ થી ૪૫ સે.મી.ના અંતર મુજબ હેકટરે ૬૦ કિલો પ્રમાણે ચણા વાવવા. જો મોટા દાણાવાળી ગુજરાત-૨ અને ગુજરાત-૩ જેવી જાતો વાવવી હોય તો હેકટરે ૭૫ થી ૮૦ કિલોનું પ્રમાણ રાખવું. જરૂર કરતાં વધારે અંતરે વાવવાથી છોડની વાનસ્પતિક વૃદ્ધિ થાય છે અને છોડ મોટા અને ઊંચા વધી જાય છે.

**બીજ માવજત:** વાવણી વખતે પહેલા ફૂગનાશક દવા અને પછી રાઈઝોબિયમ કલ્ચરનો પટ આપવો. રોગ સામે રક્ષણ માટે એક કિલો બિયારણમાં ૩ ગ્રામ મુજબ ફૂગનાશક દવા કાર્બેન્ડાઝીમ ૧ ગ્રામ અને થાયરમ ૨ ગ્રામ અથવા ટ્રાયકોડર્મા વીરીડી ૪ ગ્રામ અને વાયટાવેશ ૧ ગ્રામ પ્રમાણે બિયારણને દવાનો પટ આપવો. આ દવાથી સુકારા જેવા બીજજન્ય અને જમીનજન્ય રોગો સામે રક્ષણ મળે. પાનજન્ય રોગ સામે રક્ષણ મળે છે. રાઈઝોબિયમ એ એક જાતના બેકટેરિયાનું નામ છે, જે હવામાં રહેલ નાઈટ્રોજનનું જમીનમાં સ્થાયીકરણ કરવાની શક્તિ ધરાવે છે. રાઈઝોબિયમ નામના બેકટેરિયા દરેક કઠોળ વર્ગની વનસ્પતિના મૂળ ઉપર જોવા મળતી ગાંઠોમાં



રહે છે. જે હવામાં રહેલ મુક્ત નાઈટ્રોજનનું સ્વરૂપ બદલીને છોડને સીધો ઉપયોગ કરી તેને લભ્ય સ્વરૂપમાં ફેરવવાની અદ્દભૂત શક્તિ ધરાવે છે. આ પ્રવૃત્તિ વધારવા એફ-૭૫ નામનું રાઈઝોબિયમ કલ્ચર વાપરવું. આ કલ્ચર ૨૦૦ ગ્રામના પેકેટમાં મળે છે. એક પેકેટમાંથી ૮ થી ૧૦ કિલો બીજને માવજત આપી શકાય છે.

**રાસાયણિક ખાતર:** ચણાને વાવણી વખતે એક જ ડોઝ ખાતરનો આપવો. પાયાના ખાતર તરીકે હેકટરે ૨૦ કિલો નાઈટ્રોજન, ૪૦ કિલો ફોસ્ફરસ અને ૨૦ કિલો ગંધક વાવણી પહેલાં ચાસમાં આપવો. ચણાના મૂળમાં રાઈઝોબિયમ જીવાણુંની પ્રવૃત્તિ ૨૧ દવસોમાં શરૂ થાય છે, તેથી છોડ પોતે જ હવાનો નાઈટ્રોજન વાપરવાની શક્તિ મેળવી લે છે. ચણાને આ કારણથી પૂર્તિ ખાતરની જરૂર નથી. ઘણા ખેડૂતો પિયત ચણામાં પૂર્તિખાતર તરીકે યુરીયા આપે છે. જેથી ખોટો ખર્ચ થાય છે. ઉપરાંત તેનાથી નુકસાન થાય છે. આ વધારાનું નાઈટ્રોજન આપવાથી છોડની વધુ પડતી વાનસ્પતિક વૃદ્ધિ થાય છે. આવા છોડમાં ફૂલો પણ મોડાં બેસે છે. તેથી ચણામાં પૂર્તિ ખાતર ક્યારેય ન આપવું. જૂનાગઢ કેન્દ્ર દ્વારા ચણાના પાક ઉપર ખેડૂતોના ખેતર પર ગોઠવેલા નિદર્શનોના પરીણામો એવું બતાવે છે કે ચણામાં ફૂલ અવસ્થાએ તથા પોપટામાં દાણા બંધાતી વખતે ૨% યુરીયાનો છંટકાવ કરવામાં આવે તો બિનપિયત વિસ્તારમાં ઉત્પાદન ૮ થી ૧૦ ટકા વધે છે.

**પિયત:** ઘેડ અને ભાલ ઉપરાંત ચરોતરની ક્યારી જમીનમાં ચોમાસા બાદ જે ભેજ સંગ્રહાયેલો હોય છે, તેનો ઉપયોગ કરીને જ બિનપિયત ચણા લેવામાં આવે છે. આમ છતાં જયાં પાણીની સગવડ હોય ત્યાં પિયત આપવાથી ઉત્પાદન ખૂબ વધારે મળે છે. પિયત વિસ્તારમાં ઓરવાણ કરીને ચણા વાવ્યા પછી પહેલું પાણી આપવું. આ પછી ડાળી ફુટવાના સમયે એટલે કે ૨૦ દિવસો પછી બીજું પાણી આપવું. ત્રીજું પાણી ૪૦ થી ૪૫ દિવસે ફૂલ બેસતી વખતે અને ચોથું પાણી ૬૦ થી ૭૦ દિવસે પોપટા બેસતી વખતે આપવું. આમ ચણામાં ડાળી ફૂટતી વખતે, ફૂલ અને પોપટા બેસતી વખતે એમ ત્રણ કટોકટીની અવસ્થાએ પિયતની ખાસ જરૂરિયાત હોય છે. આ સમયે પાણી આપવાથી પાણીનો યોગ્ય ઉપયોગ અને આર્થિક ફાયદો થાય છે. ચણાનો પાક જયારે પિયત હેઠળ લેવામાં આવે છે ત્યારે તેને ઘઉંના પાકની જેમ વધારે પિયત આપવા નહી. ખુબ જ ટુંકા ગાળે પિયત આપવાથી છોડની વાનસ્પતિક વૃદ્ધિ વધુ થાય છે અને ફુલ તથા પોપટા મોડા આવે છે અને સરવાળે ઉત્પાદન ઓછુ આવે છે.

**નિદણ અને આંતરખેડ:** જરૂર મુજબ આંતરખેડ અને નિંદણથી ખેતર ચોખ્ખું રાખવું. આ રીત સૌથી ફાયદાકારક માલુમ પડે છે, જો પિયત ચણામાં હાથ નિંદામણથી પહોચી શકાય તેમ ન હોય તો વાવેતર બાદ તુરંત એટલે કે ચણા ઉગતા પહેલાં પેન્ડીમીથાલીન (સ્ટોમ્પ ૧૦ લિટર પાણીમાં ૫૫ મિ.લિ.) નામની દવા હેકટરે એક કિલો (સક્રિય તત્વ) મુજબ ૫૦૦ થી ૬૦૦ લિટર પાણીમાં ભેળવી છાંટવાથી નિંદણનું સારૂં નિયંત્રણ થાય છે.

**પાક સંરક્ષણ :**

**૧. સુકારો (વીલ્ટ):** બીજ અને જમીન બન્ને મારફ્ત ફેલાતા આ રોગ પાકની કોઈ પણ અવસ્થા દરમ્યાન જોવા મળે છે. પાકની શરૂઆતમાં કે પાછલી અવસ્થાએ છોડ ઉભા સુકાય છે. થડ ચીરતા ઉભી કાળી-કથ્થાઈ લીટીઓ જોવા મળે છે. રોગ આવતો અટકાવવા માટે રોગ સામે પ્રતિકાર ધરાવતી જાતનું રોગમુક્ત બિયારણ વાવવું. વાવતા પહેલા બીજને ફૂગનાશક દવાનો પટ આપવો. ચણા પછી બાજરી કે જુવારની પાક ફેરબદલી અને દિવેલાનો ખોળ હેકટરે એક ટન આપવાથી આ રોગની તીવ્રતા ઘટે છે. જમીનમાં રહેલી ફૂગનો નાશ ન થાય ત્યાં સુધી આ રોગ નાબુદ કરવો મુશ્કેલ હોવાથી એક ને એક પડામાં દર વર્ષે ચણા ન લેતાં જમીન ફેરબદલી કરવી હિતાવહ છે.

**૨. સ્ટન્ટ વાયરસ રોગ:** આ રોગ વાયરસથી થાય છે. જેનો ફેલાવો એફીડ એટલે કે મશી નામની જીવાતથી થાય છે. ગુજરાતમાં આ રોગનું પ્રમાણ વધતું જાય છે. ઠંડી ઓછી પડે તો આ રોગ જોર પકડે છે. પાન તાંબાવરણા અને જાડાં થાય છે. ડાળીઓ અને છોડ ટૂંકા થઈ જાય છે. ફાલ બેસતો નથી કે ઓછો બેસે છે. છોડ નબળો પડવાથી સુકારાનો ભોગ બની જાય છે. આ રોગને કાબુમાં રાખવા માટે તેનો ફેલાવો કરતા વાહક મોલોમશીનું નિયંત્રણ કરવું પડે છે.

**ચણાની જીવાતો:** ચણામાં મુખ્યત્વે લીલી ઈયળનો ઉપદ્રવ વધુ જોવા મળે છે. જે પાન, કૂણી કૂંપળો અને પોપટા કોરી ખાય છે. એના નિયંત્રણ માટે સંકલિત જીવાત નિયંત્રણ અપનાવવું. જેમાં ઉનાળામાં ઉંડી ખેડ કરવી. ફેરોમોન ટ્રેપ મુકવા (વીઘે-૧), પક્ષીઓને બેસવાનાં આધાર મુકવા. રાસાયણિક નિયંત્રણમાં પ્રોફેનોફોસ ૨૦ મિ.લિ. અથવા મોનોક્રોટોફોસ ૧૨ મિ.લિ. અથવા ફેનવાલેરેટ ૧૦ મિ.લિ. અથવા આલ્ફામેથ્રીન ૫ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી ફૂલ બેસે ત્યારે અને પછી ૧૫ દિવસ બાદ ફરીથી છંટકાવ કરવો.

**જીવાત નિયંત્રણ:** દક્ષિણ સૌરાષ્ટ્રના ખેત આબોહવાકીય વિસ્તારના ખેડૂતોને ચણાના પાકમાં લીલી ઈયળના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે પ્રોફેનોફોસ ૭૫૦ ગ્રામ સક્રિય તત્વ (૧.૫ લિ./હે.) નાં ત્રણ છંટકાવ અથવા વારાફરતી લીંબોળીના મીજના પાવડરનો ૫ ટકા અર્ક, બીટી ૧.૦૦૦ કિ.ગ્રા./હે. અને પ્રોફેનોફોસ ૭૫૦ ગ્રામ સક્રિય તત્વ (૧.૫ લિ./હે.) ના છંટકાવ પાકની ૫૦ ટકા ફુલ અવસ્થાએ શરૂ કરી દશ દિવસના અંતરે છાંટવાની ભલામણ કરવામાં આવે છે.

# પ્રાકૃતિક કૃષિ અભિયાન-અમરેલી જિલ્લો

**» આત્મા અમરેલી દ્વારા અમરેલીના અમરાપુર, કુંકાવાવ-વડીયાના અનીડા ખાતે પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતો સાથે મુલાકાત**

**» ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા, ખેતીલક્ષી માહિતીનું આદાન પ્રદાન**



રાજયમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન મળે, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે માર્ગદર્શન, સહાય મળી રહે તે ઉદ્દેશ્ય સાથે રાજય સરકાર સતત કાર્યરત છે.

અમરેલી જિલ્લા આત્મા પ્રોજેક્ટના અધિકારીઓ સાથે કુંકાવાવના આત્મા સ્ટાફે અમરેલીના અમરાપુર, કુંકાવાવ-વડીયાના અનીડા ખાતે પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતો સાથે મુલાકાત કરી હતી. ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સાથે ખેતીલક્ષી માહિતીનું આદાન પ્રદાન કરવામાં આવ્યુ હતું. ઘન જીવામૃતનું મહત્વ અને ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિમાં ગાયના મહત્વ વિશે પણ આત્મા સ્ટાફ દ્વારા ખેડૂતો સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. પ્રોજેક્ટ ડાયરેક્ટર અને ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્મા દ્વારા વડીયા સ્થિત ગૌવર્ધન ગૌશાળાની પણ મુલાકાત કરવામાં આવી હતી.

આલેખન: ધર્મેશ વાળા

ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિથી જમીનની ફળદ્રુપતામાં વધારો થાય છે. પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોએ પોતાના ખેતીલક્ષી અનુભવો જણાવ્યા હતા. અમરેલી આત્મા પ્રોજેક્ટ દ્વારા સમયાંતરે પ્રાકૃતિક કૃષિ વિષયક સેમિનાર, સંવાદ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારમાં પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતો સહિત મહિલા ખેડૂતો પણ જોડાઇને માર્ગદર્શન પ્રાપ્ત કરે છે.

ગુજરાત રાજય સરકાર દ્વારા ગૌશાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ, સખીમંડળ અને ખેડૂત ગ્રુપ દ્વારા પ્રાકૃતિક કૃષિ માટે જરુરી જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત વગેરે બનાવી ખેડૂતોને વિતરણ કરવા જરુરી માળખાકિય સુવિધા માટે સંસ્થાઓ-ગ્રુપને પ્રોત્સાહન આપવા સહાય યોજના અમલી છે.

પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં જરુરી જીવામૃત-ઘન જીવામૃત, બીજામૃત, પાક સંરક્ષણ શસ્ત્રો વગેરે બનાવવા માટે દેશી ગાય એ પાયાની જરુરિયાત છે. દેશી ગાય ન રાખી શકતા હોય કે દેશી ગાય ન હોય ત્યારે અસરકારક રીતે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ મુજબ ખેતી થઇ શકતી નથી. આવું ન બને તે માટે રાજય સરકાર દ્વારા સહાય ચૂકવવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત - ઘન જીવામૃત બનાવવા તથા વિતરણ માટેની માળખાકિય સુવિધાના નિર્માણ માટે રુ.૧.૨૦ લાખ સુધીની સહાય મળવાપાત્ર છે.

ગુજરાત રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ વધે તે માટે રાજ્યના ખેડૂતોને જરુરી માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિના પ્રાથમિક તબક્કે પ્રોત્સાહક પરિણામો જોતા રાજ્યના અનેક ખેડૂતો પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવતા થયા છે.

# યુએસએ બોર્ડર પર ઝડપાયેલા ભારતીયોમાં ૫૦ ટકા ગુજરાતી

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૧૭

યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન (યુએસ-સીબીપી) અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૪માં કેનેડા અને મેક્સિકો દ્વારા ગેરકાયદેસર રીતે યુએસમાં પ્રવેશવાનો પ્રયાસ કરવા બદલ ૯૦,૪૧૫ ભારતીયોની ધરપકડ કરવામાં આવી હતી. આમાંથી લગભગ અડધા ગુજરાતના હતા. ઉલ્લેખનીય છે કે, યુએસ-કેનેડા બોર્ડર પર ૪૩,૭૬૪ ભારતીયો ઝડપાયા હતા, જે અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે.



અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ દાણચોરીનું નેટવર્ક અમેરિકામાં વધુ સારા જીવનના સપનાની લાલચ આપીને ગુજરાતના પરિવારો પાસેથી વ્યક્તિ દીઠ $૯૦,૦૦૦ (આશરે ૭૫ લાખ) સુધીની ઉચાપત કરે છે. ઘણા પરિવારો તેમની જમીન વેચીને અથવા તેમની બચતનો ઉપયોગ કરીને આ જોખમી પ્રવાસ કરે છે. માનવ તસ્કરીના આરોપમાં હર્ષકુમાર પટેલ અને સ્ટીવ શેન્ડની ટ્રાયલ ૧૮ નવેમ્બરથી શરૂ થવાની છે. આ કેસ માનવ તસ્કરીની સમસ્યા તરફ વૈશ્વિક ધ્યાન ખેંચી રહ્યો છે. ગરીબી અને વધુ સારા જીવનના સપનાએ ઘણા ગુજરાતી પરિવારોને જોખમી રસ્તે ચાલવા મજબૂર કર્યા છે. પરંતુ આવા અકસ્માતો એ સવાલો ઉભા કરે છે કે આ જોખમી મુસાફરીને રોકવા માટે અસરકારક પગલાં ક્યારે લેવાશે.

# ભારતે ઓડિશા ખાતેથી લાંબા અંતરની હાઈપરસોનિક મિસાઈલનું પરીક્ષણ કર્યું

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૭

રક્ષા મંત્રી રાજનાથ સિંહે રવિવારે કહ્યું કે ભારતે ઓડિશાના દરિયા કિનારે આવેલા ડૉ એપીજે અબ્દુલ કલામ દ્વીપ પરથી લાંબા અંતરની હાઈપરસોનિક મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, હાઈપરસોનિક મિસાઈલનું શનિવારે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. રાજનાથ સિંહે આ મિસાઈલના પરીક્ષણને



ઐતિહાસિક ક્ષણ ગણાવ્યું હતું અને કહ્યું હતું કે આ સાથે ભારત એવા દેશોના જૂથમાં સામેલ થઈ ગયું છે જે આ પ્રકારની મહત્વપૂર્ણ ટેક્નોલોજી વિકસાવવાની ક્ષમતા ધરાવે છે. રક્ષા મંત્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''ઓડિશાના દરિયાકિનારે ડૉ. એપીજે અબ્દુલ કલામ દ્વીપ પરથી લાંબા અંતરની હાઈપરસોનિક મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કરીને ભારતે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે.''તેમણે કહ્યું, 'આ એક ઐતિહાસિક ક્ષણ છે અને આ મહત્વપૂર્ણ સિદ્ધિએ આપણા દેશને એવા દેશોના જૂથમાં સામેલ કર્યો છે જેઓ આટલી મહત્વપૂર્ણ અને અદ્યતન સૈન્ય તકનીકીઓની ક્ષમતા ધરાવે છે.' આ સિદ્ધિ માટે સશસ્ત્ર દળો અને ઉદ્યોગને અભિનંદન.

# વિશ્વ વિખ્યાત પ્રવક્તા બ્રહ્માકુમારી શિવાનીબહેનનું આજે દીવમાં આગમન

ઉના, તા.૧૭

આગામી તારીખ ૧૮ નવેમ્બર, ૨૦૨૪ ના વિશ્વ વિખ્યાત પ્રવક્તા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય શિવાનીબેન વિશ્વ વિદ્યાલય દીવ તથા ઉના સેવા કેન્દ્રના સંયુક્ત પ્રયાસથી દીવનાં ઘોઘલા જેટ્ટી પર આંતરરાષ્ટ્રીય આધ્યાત્મિક વક્તવ્ય આપશે. તેમનાં આગમન પહેલાં સંપૂર્ણ તૈયારીને આખરી ઓપ અપાઈ ચુક્યો છે. મોટીવેશન સ્પીકર એવા શિવાનીબહેન "સારા વિચારો સુખી સંસાર સહિતનાં



વિવિધ વિચારો ઉપર સાંસારિક સમસ્યાઓના ઉકેલ તેમજ આધ્યાત્મિક ઉન્નતિ માટેના સરળ ઉપાયોની ગુરુચાવી બતાવીને પોતાની સુંદર વાણીથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરશે.

# કાશ્મીર બરફમાં લપેટાયું : ધુમ્મસ વચ્ચે જમ્મુના ગુલમર્ગ અને સોનમર્ગમાં હિમવર્ષા

શ્રીનગર, તા.૧૭

કાશ્મીરના પર્વતો અને સરહદી વિસ્તારોમાં નવેસરથી હિમવર્ષા થઈ છે. તેમાં ગુરેઝ વેલી, માશેલ વેલી, ગુલમર્ગ અને સોનમર્ગ જેવા પ્રવાસન સ્થળોનો સમાવેશ થાય છે. જમ્મુના મેદાની વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાઈ રહ્યું છે. ગુલમર્ગમાં ૨-૩ ઈંચ જ્યારે કોંગદોરી અને અપરવાથમાં લગભગ ૫-૬ ઈંચ બરફવર્ષા થઈ હતી. કાશ્મીરમાં પણ હળવો



વરસાદ થયો છે. ગુરેઝની મુસાફરી ટાળવાની સલાહ આપવામાં આવી છે, કારણ કે રાઝદાન ટોપ પરના રસ્તાઓ બરફથી ઢંકાયેલા છે અને લપસણો થઈ ગયો છે. મુસાફરોને તેમની મુસાફરી શરૂ કરતા પહેલા રસ્તાની સ્થિતિ તપાસવા વિનંતી કરવામાં આવી છે. હિમપ્રપાત ગ્રસ્ત વિસ્તારોને ટાળવા અને પ્રવાસન સ્થળોની મુલાકાત લેતા પહેલા સ્થાનિક અધિકારીઓની સલાહ લેવા અપીલ કરવામાં આવી છે. હવામાન વિભાગે એવી પણ સલાહ આપી છે કે પ્રવાસીઓ, ટ્રેકર્સ અને પ્રવાસીઓ તેમના પ્રવાસનું આયોજન કરતા પહેલા હવામાનની તપાસ કરે.૨૩ નવેમ્બર સુધી હવામાન ઠંડું પરંતુ શુષ્ક રહેશે. કાશ્મીર હવામાન વિભાગના નિયામકએ જણાવ્યું કે ૨૩ નવેમ્બર સુધી હવામાન ઠંડું પણ સૂકું રહેશે.

# કર્ણાટક પર લાગેલા આરોપો વડાપ્રધાન સાબિત કરે, હું રાજનીતિ છોડી દઈશ : સીએમ સિદ્ધારમૈયા

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૭

મહારાષ્ટ્રની લડાઈમાં ઉતરેલા કર્ણાટકના સીએમ સિદ્ધારમૈયા સોલાપુર પહોંચ્યા હતા. સોલાપુરમાં જનસભાને સંબોધિત કરતી વખતે સીએમએ પીએમ મોદી પર જોરદાર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે, જો પીએમ મોદી



કર્ણાટકમાં કોંગ્રેસ પર પોતાના આરોપો સાબિત કરશે તો હું રાજકારણમાંથી સંન્યાસ લઈ લઈશ. મહારાષ્ટ્રમાં એક સભાને સંબોધિત કરતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, આ દિવસોમાં હિમાચલ પ્રદેશ, તેલંગાણા અને કર્ણાટક જેવા રાજ્યો કોંગ્રેસના રાજવી પરિવારના એટીએમ બની ગયા છે. લોકો કહી રહ્યા છે કે આ દિવસોમાં મહારાષ્ટ્રમાં ચૂંટણીના નામે કર્ણાટકમાં કલેક્શન બમણું થઈ ગયું છે. સીએમ સિદ્ધારમૈયાએ શનિવારે સોલાપુરમાં મહાવિકાસ અઘાડીના હિતમાં એક જનસભાને સંબોધી હતી. સીએમએ પીએમ મોદી પર વળતો પ્રહાર કરતા કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવે છે અને સફેદ જુઠ્ઠ બોલે છે અને ચાલ્યા જાય છે. જો તે પોતાના આરોપો સાબિત કરી શકશે તો હું રાજકારણમાંથી નિવૃત્તિ જાહેર કરીશ. તેમણે એમ પણ કહ્યું કે, પીએમ મોદી મારા આ પડકારને કેમ સ્વીકારતા નથી? તેઓ શેનાથી ડરે છે? સીએમ સિદ્ધારમૈયાએ કહ્યું, પીએમ મોદીએ કહ્યું કે કલ્યાણ ગેરંટી અર્થતંત્રને બરબાદ કરશે પરંતુ ભાજપે મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશની ચૂંટણીમાં સમાન ગેરંટી આપવાની જાહેરાત કરી છે.

# ખન્નૌરી બોર્ડર પર ૨૬ નવેમ્બરથી ખેડૂતો આમરણાંત ઉપવાસ શરૂ કરશે

ચંડીગઢ, તા.૧૭

સંયુક્ત કિસાન મોરચા (બિન-રાજકીય) અને કિસાન મઝદૂર મોરચાએ જાહેરાત કરી હતી કે તેઓ ૨૬ નવેમ્બરથી આમરણાંત ઉપવાસ કરીને એમએસપી માટેની કાયદેસર ગેરંટી સહિતની વિવિધ માંગણીઓના સમર્થનમાં તેમના આંદોલનને વધુ તીવ્ર બનાવશે. મીડિયાને સંબોધતા, એસકેએમ (બિન-રાજકીય) નેતા જગજીત



સિંહ દલ્લેવાલે કેન્દ્ર પર તેમની માંગણીઓ સ્વીકારવા માટે કોઈ પગલાં ન લેવાનો આરોપ લગાવ્યો. દલ્લેવાલે કહ્યું કે તેઓ ૨૬ નવેમ્બરથી ખનૌરી બોર્ડર પર આમરણાંત ઉપવાસ શરૂ કરશે. ખેડૂત નેતાએ કહ્યું કે કેન્દ્રએ ૧૮ ફેબ્રુઆરીથી આંદોલનકારી ખેડૂતો સાથે તેમની માંગણીઓને લઈને કોઈ વાતચીત કરી નથી. એસકેએમ અને કેએમએમ ખેડૂતોની 'દિલ્હી ચલો' કૂચનું નેતૃત્વ કરી રહ્યા છે જેથી સરકાર પર તેમની માંગણીઓ સ્વીકારવા દબાણ કરવામાં આવે. વિરોધ કરી રહેલા ખેડૂતો ૧૩ ફેબ્રુઆરીથી પંજાબ અને હરિયાણા વચ્ચે શંભુ અને ખન્નૌરી સરહદો પર અટવાયેલા છે, જ્યારે સુરક્ષા દળોએ તેમની કૂચ અટકાવી દીધી હતી.

# કોડીનારની ખાનગી હોસ્પિટલમાં તસ્કરે દર્દીના સ્વાંગમાં ઘૂસી ડોક્ટરનો ફોન ઉઠાવ્યો

કોડીનાર તા.૧૭

કોડીનાર વેરાવળ હાઈવે ઉપર આવેલ એક ખાનગી હોસ્પિટલમાં તસ્કરે દર્દીના સ્વાંગમાં આવી હોસ્પિટલના જ ફિઝિયોથેરાપી



તસવીર : કુલદીપ પાઠક

વિભાગના ડોક્ટરનો મોબાઈલ ચોરી કરી નાસી જતાં હોસ્પિટલ તંત્ર દોડતું થયું હતું. આ અંગે હોસ્પિટલ તંત્ર દ્વારા પોલીસમાં જાણ કરાતા સીસીટીવી ફૂટેજના આધારે પોલીસ ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જોકે હોસ્પિટલે તસ્કરના સીસીટીવી ફૂટેજનો ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો હતો.

# કોડીનાર પોલીસે છેતરપિંડીમાં ગયેલા ૧,૮૫,૦૦૦ પરત અપાવ્યા



કોડીનાર, તા.૧૭

નાણાકીય ફ્રોડના બનાવોમાં કોડીનાર પોલીસે ટીમ વર્કથી હ્યુમન સોર્સ તથા આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી અરજદાર કિમ્પાલસિંહ ભાવસિંહભાઈ પરમારના ૧,૮૫,૦૦૦ પરત અપાવ્યા હતા. કાજ ગામે રહેતા ફરિયાદીએ રાજકોટ ખાતેથી રૂપિયા ૩,૨૦,૦૦૦ ના બે કુલીંગ મશીન મંગાવ્યા હતા. જેના એડવાન્સમાં રૂપિયા ૧,૮૫,૦૦૦ સામાવાળાને આંગડીયાથી તથા ગુગલ પે થી અલગ અલગ સમયે ટ્રાન્સફર કર્યા હતા. જે બાદ સામાવાળાએ અરજદારને મશીન મોકલેલ નહી કે, અરજદારના રૂપિયા પણ પરત આપતા ન હોય જે બાબતે ફરિયાદ નોંધાવી હતી. જે બાદ પોલીસે જરૂરી પરવાનગી મેળવી રાજકોટ ખાતે જઈ સામાવાળાને શોધી કાઢી અરજદારના રૂપિયા ૧,૮૫,૦૦૦ પરત અપાવતાં કિમ્પાલસિંહે કોડીનાર પોલીસ સ્ટાફનો આભાર વ્યકત કર્યો હતો.

# કોડીનારના ગીરદેવળી આંગણવાડી કેન્દ્રમાં બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી કરાઈ

કોડીનાર, તા.૧૭

નહેરુ યુવા કેન્દ્ર જૂનાગઢ દ્વારા કોડીનાર તાલુકાની ગીર દેવળી ગામના આંગણવાડી કેન્દ્ર ૨ ખાતે મહિલાઓ, બાળકોને ભારતના પ્રખ્યાત આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની અને લોક નાયક બિરસા મુંડાના જીવન ચરિત્ર અને કાર્યોની ઝાંખી રજૂ કરવામાં આવી હતી. ૧૫૦ વર્ષની જન્મ જયંતી નિમિત્તે તેમના યોગદાનને યાદ કરી પુષ્પાંજલિ અર્પણ કરવામાં





તસવીર : ધર્મેશ પાઠક

આવી હતી. આ તકે એન વાય એસ કે દિવ્યાબેન જે. મકવાણા તેમજ અરૂણાબેન મકવાણા, આંગણવાડી કાર્યકર જશીબેન રાઠોડ, રમાબેન મકવાણા તેમજ આ કાર્યક્રમમાં ગામની બહેનો તથા બાળકો હાજર રહ્યા હતા.

# સુપેડી ગામ નજીક રાજકોટ પોરબંદર નેશનલ હાઈવે પાસે ખાનગી ટ્રાવેલ્સની બસ સળગી

## ૨૦ જેટલા પેસેન્જરનો આબાદ બચાવ થયો

ધોરાજી, તા.૧૭

ધોરાજી તાલુકાના સુપેડી ગામ નજીક ખાનગી ટ્રાવેલ્સની બસ સળગી હતી જેમાં ૨૦ જેટલા પેસેન્જરનો આબાદ બચાવો થયો. પ્રાપ્ત માહિતી મુજબ ધોરાજી તાલુકાના સુપેડી ગામ નજીક રાજકોટ પોરબંદર નેશનલ હાઈવે પાસે પોરબંદરથી રાજકોટ આવતી શક્તિ ટ્રાવેલ્સની બસમાં અચાનક બપોરના ચાર વાગ્યા આસપાસના સમયમાં શોર્ટ સર્કિટ થતા અચાનક ગાડીમાં એન્જિનમાંથી ધુમાડો નીકળવા લાગતા શક્તિ ટ્રાવેલ્સના ડ્રાઈવર અને કંડકટરે બસ તાત્કાલિક રોકી અને બસમાં બેઠેલા તમામ પેસેન્જરને ઝડપથી નીચે ઉતરી જવાનું જણાવતા પેસેન્જરો તાત્કાલિક પોતાનો માલ સમાન સાથે નીચે ઉતારી ગયા હતા. ત્યારબાદ થોડી જ ક્ષણોમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા નેશનલ હાઈવે ઉપર મોટી જાનહાનિ સર્જાશે તેવું વાતાવરણ થઈ ગયું હતું. આ સમયે તાત્કાલિક આજુબાજુ વિસ્તારના લોકો દોડી આવ્યા હતા અને નગરપાલિકા ફાયર ફાઈટરને જાણ કરતા ધોરાજી નગરપાલિકામાંથી ફાયર ફાઈટરે તાત્કાલિક દોડી આવી આગને કાબુમાં લેવાનો પ્રયાસ કર્યો હતો.

# ફોર્ચ્યુન કોપર ઈન્ડસ્ટ્રીઝ પર દરોડા, આઠ કંપનીઓના રૂ. ૪૯૩ કરોડના શંકાસ્પદ બિલ મળ્યા

(એ.આર.એલ),સુરત,તા.૧૭

રાજ્યના જીએસટી વિભાગની ટીમે તાંબાના વ્યવસાય સાથે સંકળાયેલી સુરત, રાજકોટ, ભરૂચ, જૂનાગઢ, ભાવનગર, વાપી વગેરેમાં કાર્યરત ૧૪ પેઢીઓના ધંધાકીય સ્થળ પર રાજ્યવ્યાપી દરોડા પાડ્યા હતા. સંદીપ વિરાણી (ઉમરા)ની મોડી સાંજે સીજીએમ કોર્ટમાંથી ધરપકડ કરવામાં આવી હતી અને સંડોવણીનો પર્દાફાશ થયાના ત્રણ દિવસ પહેલા રિમાન્ડ





પર લેવામાં આવ્યો હતો. આરોપી સંદીપ વિરાણીએ એમ. ફોર્ચ્યુન કોપર ઈન્ડસ્ટ્રીઝમાં પાંચ બનાવટી પેઢીઓના નામે રૂ. ૧૦૮ કરોડના નકલી ખરીદીના બિલો બનાવીને ઈનપુટ ટેક્સ ક્રેડિટના ૧૯.૪૫ કરોડ રૂપિયા સરકારી તિજોરીમાંથી ખર્ચ્યા હતા.આજે આરોપી સંદીપ વિરાણીના રિમાન્ડ પૂરા થયા બાદ સ્ટેટ જીએસટી વિભાગના તપાસ અધિકારી અરુણકુમાર એસ. કાલરાએ કોર્ટ સમક્ષ રિમાન્ડ દરમિયાન આરોપીની વધુ ૧૧ દિવસની કસ્ટડીમાં પૂછપરછ કરવાની માંગ કરી હતી. આઠ નવી પેઢીઓમાંથી કુલ રૂ. ૪૯૩ કરોડની ખરીદીના વ્યવહારો પણ શંકાસ્પદ જણાયા હતા, જેથી સરકારે સમગ્ર કૌભાંડની તપાસ માટે વધુ પૂછપરછ માટે આરોપીઓને સોંપવા જણાવ્યું હતું.

# શુભમન ગિલ ઈજાગ્રસ્ત થતા ૧૪ દિવસ ક્રિકેટથી બહાર થઈ શકે છે

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૭

શુભમન ગિલ ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટમાંથી બહાર થઈ શકે છે. ગિલને ડાબા હાથના અંગૂઠામાં ફ્રેક્ચર છે. ઈન્ટ્રા-સ્કવોડ મેચના બીજા દિવસે સ્લિપમાં ફિલ્ડિંગ કરતી વખતે તેને આ ઈજા થઈ હતી. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૨૨ નવેમ્બરથી પર્થમાં પ્રથમ ટેસ્ટ મેચ રમાશે. બંને ટીમો ૫ મેચની શ્રેણીમાં આમને-સામને થશે. ભારતની છેલ્લી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની જીતના યુવા હીરોમાંના એક ગિલ બેટિંગનો મુખ્ય આધાર છે. જો કેપ્ટન રોહિત શર્મા પ્રથમ ટેસ્ટમાંથી બહાર થાય છે તો ભારતનો ટોપ ઓર્ડર નબળો દેખાઈ શકે છે. ટીમને બે ભાગમાં વહેંચીને આયોજિત પ્રેક્ટિસ મેચના બીજા દિવસે ફિલ્ડિંગ કરતી વખતે ગિલ ઘાયલ થયો હતો. ઈજા પછી, શુભમન ગિલ ખૂબ પીડામાં જોવા



મળ્યો હતો અને તરત જ સ્કેન માટે મેદાન છોડી ગયો હતો. આ બાબતથી વાકેફ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના એક સૂત્રના જણાવ્યા અનુસાર, ગિલના ડાબા હાથના અંગૂઠામાં ફ્રેક્ચર છે અને ટેસ્ટ શરૂ થવામાં એક સપ્તાહથી પણ ઓછો સમય બાકી છે. તેથી, આ સ્ટાઈલિશ જમણા હાથના બેટ્સમેન માટે પ્રારંભિક મેચ માટે સમયસર ફિટ થવું લગભગ અશક્ય હશે. અંગૂઠાના ફ્રેક્ચરને સાજા થવામાં સામાન્ય રીતે લગભગ ૧૪ દિવસનો સમય લાગે છે, ત્યારબાદ વ્યક્તિએ તેના નિયમિત નેટ સત્રો શરૂ કરવાની અપેક્ષા રાખવામાં આવે છે.

## ૫ આરોપીઓની ધરપકડ કરાઈ

# સુરત પોલીસને મળી મોટી સફળતા: ૧.૫ કરોડનું ડ્રગ્સ જપ્ત

(એ.આર.એલ),સુરત,તા.૧૭

ગુજરાતના સુરતમાં બે અલગ-અલગ જગ્યાએથી આશરે રૂ. ૧.૫ કરોડની કિંમતનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. પોલીસે જણાવ્યું હતું કે, સુરત શહેરમાં બે જગ્યાએથી 'મેફેડ્રોન' ડ્રગ્સ ઝડપાયું હતું. આ ઉપરાંત ૫ લોકોની પણ ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. તેમની ગેંગ વિશે માહિતી મેળવવામાં આવી રહી છે. પોલીસે જણાવ્યું હતું કે પેટ્રોલિંગ દરમિયાન,



સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચના કર્મચારીઓએ હજીરા-સયાન રોડ પર બાઈક ચલાવી રહેલા તામીર શેખ (૨૦) અને સાહિદ દિવાન (૧૯) નામના બે વ્યક્તિઓ પાસેથી ૯૭૪ ગ્રામ મેફેડ્રોન જપ્ત કર્યું હતું. તેની અંદાજિત કિંમત ૧ કરોડ રૂપિયા છે. પોલીસે જણાવ્યું કે બંને આરોપીઓએ ભાગવાનો પ્રયાસ કર્યો અને એક ખેતરમાં છુપાઈ ગયા, પરંતુ લગભગ ૬ કલાકના સર્ચ ઓપરેશન પછી પકડાઈ ગયા. સંબંધિત કેસમાં, ૫૫ લાખ રૂપિયાની કિંમતનું ૫૫૪ ગ્રામ મેફેડ્રોન જપ્ત કરવામાં આવ્યું હતું અને વધુ ૩ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. તેણે આ ડ્રગ મુંબઈથી ખરીદ્યું હતું. અધિકારીએ ૩ની ઓળખ ઈરફાખાન પઠાણ, મોહમ્મદ રફીક અને અસ્ફાક કુરેશી તરીકે કરી છે. પોલીસે જણાવ્યું હતું કે ૫ સામે કેસ નોંધવામાં આવ્યો છે અને દાણચોરીના નેટવર્કનો પર્દાફાશ કરવા તપાસ ચાલી રહી છે.

# રાજકોટમાં સરકારી અનાજમાં ભ્રષ્ટાચાર બાબતે રામ મોકરીયાએ ઉઠાવ્યા સવાલ

(એ.આર.એલ),રાજકોટ,તા.૧૭

સરકારી અનાજમાં સડો એ કંઈ નવી વાત નથી. અનેક જગ્યાએથી સડેલા અનાજની ફરિયાદો છાશવારે સામે આવતી રહે છે. ત્યારે હવે સરકારી અનાજની ગુણવત્તા સામે ખુદ રાજ્યસભાના સાંસદ રામ મોકરીયાએ જ સવાલ ઉઠાવ્યા છે. રામ મોકરીયાએ કલેક્ટરને સડેલા સરકારી અનાજના સેમ્પલ પણ પુરાવા તરીકે આપ્યા અને સરકારી અનાજમાં લોલમલોલ મુદ્દે રામ મોકરીયા રીતસરના અધિકારી પર બગડ્યા હતા. સાંસદે રોકડુ પરખાવ્યું કે મોદી સરકારમાં આવુ બધુ નહીં ચાલે.



રામ મોકરીયાનો દાવો છે કે સરકારી અનાજ સડેલુ હોય છે, તેમાં ભેળસેળ હોય છે, કાં તો પછી અનાજની ગુણવત્તા હલકી હોય છે. દાવો એ પણ છે કે સડેલું અનાજ ખાઈને નાગરિકો બીમાર પડે છે. રાજ્યસભાના સાંસદની રજૂઆત બાદ કલેક્ટરે સમગ્ર મામલે તપાસના આદેશ આપ્યા છે. રામ મોકરીયાની માગ છે કે સમગ્ર મામલે યોગ્ય કાર્યવાહી થવી જોઈએ અને લોકોને સારૂ અનાજ મળવું જોઈએ. હાલ સાંસદની રજૂઆત બાદ ખરાબ, સડેલા અનાજ માટે કલેક્ટરે તપાસના આદેશ આપ્યા છે. કલેક્ટરે કહ્યું છે કે સેમ્પલ લઈ તપાસ માટે મોકલવામાં આવ્યા છે, જેનો રિપોર્ટ આવ્યા બાદ કાર્યવાહી કરાશે. આ અગાઉ પણ રામ મોકરીયાએ પોતાની જ સરકાર સામે જાહેરમાં હૈયાવરાળ ઠાલવી હતી. રાજકોટ ટ્રેન શરૂ કરવા મામલે કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવના વલણ સામે તેમણે જાહેરમાં નારાજગી દર્શાવી હતી. રાજકોટ માટે જાહેર કરવામાં આવેલી ટ્રેનો શરૂ જ ન થતી હોવાની સાંસદે વ્યથા વ્યક્ત કરી છે. રામ મોકરીયાએ કહ્યું છે કે ટ્રેનોની જાહેરાત થાય છે પણ શરૂ નથી થતી. રાજકોટમાં અગાઉ જાહેર કરેલી ૬ ટ્રેન શરૂ કરવા તેમણે રજૂઆત કરી હતી.

## રામદેવપીર મહારાજનું મંદિર અને ગૌશાળા વિવાદનું કેન્દ્ર બન્યા

# સોમનાથ: કોળી સમાજની જગ્યાને ખાલી કરાવવાના મામલામાં ધારાસભ્ય વિમલ ચુડાસમાનો વિરોધ

(એ.આર.એલ),સોમનાથ,તા.૧૭

સોમનાથ નજીક વેણેશ્વર મહાદેવ મંદિર નજીક આવેલી જગ્યામાં કોળી સમાજની જ્ઞાતિની વાડી રામદેવપીર મહારાજનું મંદિર અને અહીં એક ગૌશાળાનું સંચાલન કોળી સમાજ દ્વારા કરવામાં આવી રહ્યું હતું. ત્યારે વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકાના કર્મચારીઓ દ્વારા આ જગ્યા ગેરકાયદેસર છે અને તેને ખાલી કરી દેવાની છે તેવી સ્થળ તપાસણી બાદ ધારાસભ્ય વિમલ ચુડાસમા સ્થળ પર પહોંચ્યા હતા. સમગ્ર મામલામાં સોમનાથના કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમાએ તંત્રની



આ પ્રકારની નીતિનો ભારે વિરોધ કરીને ટ્રસ્ટ દ્વારા તેમને આપવામાં આવેલી જમીન કાયદેસર છે તેવો દાવો કર્યો છે. સોમનાથ નજીક વેણેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલી કોળી સમાજની જ્ઞાતિની જગ્યા પર રામદેવપીર મહારાજનું મંદિર અને અહીં જ ગૌશાળા બનાવવામાં આવી છે. આ જગ્યા હવે કોળી સમાજ અને વહીવટી તંત્ર વચ્ચે વિવાદનું કેન્દ્ર બની રહી છે. પાછલા કેટલાક દિવસોથી નગરપાલિકાના કર્મચારી અને અધિકારીઓ દ્વારા આ જગ્યા ખાલી કરવામાં આવે તેવી સ્થળ તપાસ પર પર હાજર કોળી સમાજના વ્યક્તિને જણાવ્યું હતું.

# જામનગર-રાજકોટ હાઈવે પર અકસ્માતમાં ત્રણ લોકોના મોત



(એ.આર.એલ),જામનગર,તા.૧૭

જામનગર-રાજકોટ હાઈવે પર ગોઝારા અકસ્માતની ઘટના પ્રકાશમાં આવી છે. જણાવવામાં આવી રહ્યું છે કે બોલેરો અને એક્ટિવા વચ્ચેની ટક્કરમાં ત્રણ લોકોના મોત થયા છે.

અકસ્માત અંગે પ્રાપ્ત માહિતી અનુસાર જામનગર-રાજકોટ હાઈવે પર ધ્રોલ નજીકના જાવિયા ગામ પાસે આજે સવારે બોલેરો અને એક્ટિવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બોલેરો અને એક્ટિવા વચ્ચેની ટક્કરમાં ત્રણ લોકોના મોત થયા હતા. ઘટના બાદ વહેલી સવારે હાઈવે પર લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. એકઠા થયેલા લોકોએ જાણ કરતાં ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસે લાશનું પોસ્ટમોર્ટમ કરાવી વધુ તપાસ હાથ ધરી છે.

# સુરતમાં વાહન સાઈડમાં લેવા જેવી સામાન્ય બાબતમાં આધેડની હત્યા

સુરત, તા.૧૭

સુરતના કતારગામમમાં જાહેર માર્ગ પર આધેડ વયના માણસને પીકઅપ વાન દ્વારા કચડી નાખ્યા બાદ વાહનને સાઈડમાં લેવાના નજીવા મુદ્દે સામસામે ટક્કર થઈ હતી. તે ન અટકતાં આધેડ લગભગ ૧૫૦ મીટર દૂર ફેંકાયા હતા. જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. મળતી માહિતી મુજબ સુરતના કતારગામ વિસ્તારમાં બેંક ઓફ બરોડામાં પટાવાળા તરીકે નોકરી કરતા જીતેન્દ્ર કંથારીયા નામના આધેડ ગઈકાલે કતારગામ વિસ્તારમાં રત્નમાલા સર્કલ પાસે નીકળ્યા હતા. આ દરમિયાન મયુર મેર નામના યુવક સાથે તેની કાર સાઈડ સ્ટેપ કરવા બાબતે બોલાચાલી થઈ



હતી. બોલાચાલીથી શરૂ થયેલી લડાઈ ઉગ્ર બની હતી. આનાથી મયુર મેર એટલો ગુસ્સે થયો કે તેણે જીતેન્દ્રની હત્યા કરી નાખી. ગુસ્સે ભરાયેલા મયુરે જિતેન્દ્ર પર પીકઅપ વાન ચલાવી હતી. જેના કારણે જીતેન્દ્ર કંથારીયા પીકઅપ વાનના આગળના ટાયર નીચે આવી ગયા હતા. આ પછી મયુરે પીકઅપ વાનને પુરપાટ ઝડપે હંકારી હતી. જેના કારણે જિતેન્દ્ર કંથારીયા લગભગ ૧૫૦ મીટર સુધી ઢસડાયા અને પીકઅપના આગળના ટાયર નીચે આવી ગયા. આ ઘટના બાદ મોટી સંખ્યામાં લોકો આવી પહોંચ્યા હતા અને પીકઅપ વાનનો પીછો કરીને જીતેન્દ્રને બચાવવાનો પ્રયાસ કર્યો હતો.




સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

સમગ્ર શિક્ષા
Samagra Shiksha

રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં રહેતા વિદ્યાર્થીઓ માટે

"મફત પરિવહન સુવિધા"



સમગ્ર શિક્ષા અંતર્ગત રાજ્યની ધોરણ-૧ થી ૮ની સરકારી પ્રાથમિક અને ધોરણ-૯ થી ૧૨ની સરકારી તેમજ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ માટે મફત પરિવહન સુવિધા ઉપલબ્ધ છે...

- મફત પરિવહન સુવિધા મેળવવાની પાત્રતા

(૧) ધોરણ-૧ થી ૫ની સરકારી શાળાઓમાં વિદ્યાર્થીના રહેઠાણનું અંતર ૧-કિમી થી વધુ હોય તેવા વિદ્યાર્થીને લાભ.
(૨) ધોરણ-૬ થી ૮ની સરકારી શાળાઓમાં વિદ્યાર્થીના રહેઠાણનું અંતર ૩-કિમી થી વધુ હોય તેવા વિદ્યાર્થીને લાભ.
(3) ધોરણ-૯ થી ૧૨ની સરકારી અને અનુદાનિત શાળાઓમાં વિદ્યાર્થીના રહેઠાણનું અંતર ૫-કિમી થી વધુ હોય તેવા વિદ્યાર્થીને લાભ.

નોટ - મફત પરિવહન સુવિધાની માહિતી માટે નજીકની શાળાનો સંપર્ક કરવો
પરિવહન સંબંધિત મુશ્કેલી માટે transportspo@ssguj.in પર ઈ-મેઈલ અથવા મો-૭૫૭૪૮૦૦૭૪૦ પર સંપર્ક કરવો.